गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः
गुरुर्देवो महेश्वरः ।
गुरुःसाक्षात् परब्रह्म
तस्मै श्रीगुरवे नमः ॥

# વાયડામિત્ર

વર્ષ : ૯૭ અંક : ૭ જુલાઈ - ૨૦૧૯
કિંમત રૂ ૩૦ (વાર્ષિક)



ગુરુપૂર્ણિમાંની ખૂબ ખૂબ શુભકામનાઓ

With Best compliment form

## Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**જૂન - ૨૦૧૯, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૭, અંક–૬**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,

નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ–મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/– સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# પ્રાણ પ્રશ્ન – પાણી



સવારે ઉઠતાવેંત છાપુ ઉઘાડો – કે ગમે ત્યારે ગમે તે ન્યુઝ ચેનલ ચાલુ કરો – લોકોની પાણી માટેની પોકાર, દોડધામ અને મુશ્કેલીઓની વાતોથી ચિત્ત વ્યગ્ર થઈ જાય છે. પાણી એ કુદરતની દેન છે – તેને સાચવવુ – તેનો જરૂર પ્રમાણે યોગ્ય ઉપયોગ કરવો – એ આપણી પહેલી ફરજ છે. મુશ્કેલીઓ સામે દેખાય તે પહેલાથી જ આપણે જાગૃત થવું જોઈએ. આપણા ઘરની આવક જાવકની ફીકર કરીએ છીએ, કદાચ આપણે બધા જો પાણીની આવક–જાવક પર આનાથી અડધુ ધ્યાન આપીશું તો પણ મુશ્કેલી નહીં આવે.

ઘણા વખતથી આ સમસ્યા આખા વિશ્વ સામે મોં ફાડીને ઉભી છે – પાણીની પરબોના સ્થાને આજે ઠેર ઠેર પાણીની બોટલો વેચાતી થઈ ગઈ અને આવનાર સમય આથી પણ કઠીન આવી રહ્યો છે. આવનાર પેઢીનો વિચાર કરી– તેમને શુધ્ધ પાણી – ચોખ્ખી હવા અને પ્રદુષણમુક્ત ખોરાક મળી રહે તે માટે આપણે આજથી જ સજ્જ થવાની જરૂર છે – જાગૃત થવાની જરૂર છે.

આપણે હવાને પ્રદુષિત કરી – વૃક્ષોને નિકંદન કાઢયું – લાકડાના લોભે જંગલોનો નાશ કર્યો–વરસાદ ઓછો થયો – પૃથ્વીને ૧૦૨° ડીગ્રીનો તાવ આવી ગયો – આપણે એસી ચાલુ કરી દીધા – તાપમાન ઓર વધ્યું – આપણે ઉધોગો ઉભા કર્યા – હવામાં સલ્ફર, કાર્બન, નાઈટ્રોજન જેવા ઝેરી ગેસો નું પ્રમાણ બેહદ વધી ગયું. ઉધોગોના કચરાનો પ્રદુષણનો યોગ્ય નિકાલ કરવા કહ્યું – આપણે ટૂંકા રસ્તા શોધી જળાશયોમાં પ્રદુષણનો નિકાલ કર્યો. તેમ ના કરવાના ઓર્ડર થયા – આપણે લાંચની ખેરાત કરી માનવીના આદર્શોને પણ પ્રદુષિત કરી દીધા – પરિણામે સમસ્યાઓ વધારે મુશ્કેલ થતી ગઈ – આપણાથી Short Cut વિચારધારા છૂટતી જ નથી – આમા વાંક કોનો? સાચુ કે સારુ વિચારનાર વર્ગ ઘટતો જ ગયો અને આજ આપણે વિનાશના આરે આવીને ઉભા છીએ. વળી આજે વાહનોની સંખ્યા બેફામ વધતી થઈ – નિયમબધ્ધ કે શિસ્તબધ્ધ જીવનશૈલીથી આપણે દૂર જતા રહ્યા છીએ. આના માટે જાગૃત આપણે જાતે જ થવાનું છે. કોઈ કહે અને કરો... એની શકયતા.. કેટલી? કારણ બુધ્ધિશાળી માનવીને નિયમોમાંથી

બારા કાઢતાં વાર જ નથી લાગતી.

વળી વધતી જતી જનસંખ્યા સાથે જરૂરિયાતો પણ વધતી જ જાય છે. પહેલાના રાજા–મહારાજાઓ ઘણા મોટા જળાશયો બંધાવ્યા હતા. પણ દેશ આઝાદ થયો – રાજા રજવાડા સાથે તેમના વિચારો અને કાર્યો પણ ગયા. ગણતરી કરી લેજો તે પછી દેશમાં કેટલા નવા મોટા જળાશયો બન્યા ? આપણે કેટલા જળશયોને સાચવ્યા ? કેટલાની સફાઈ કરી ? અને કેટલાને કચરો નાંખીને પૂરી દીધા ? આ જવાબદારી કોની? આવુ થતુ રોકવા તમે કેટલા આંદોલનો કર્યા ? બાકી નાના નાના કારણો માટે આપણે ઝંડો લઈને હડતાલીયા બની જતા વાર નથી લાગતી.... તો આવી જરૂરિયાત માટે કેમ ઊભા નથી થતાં ? બાકી ગુજરાતનાં વિકાસના કામોમાં નર્મદા ડેમ જેવા કાયાકલ્પ કરતી યોજનાઓમાં રોડા બનવા દોડી જતા લોકો ને પણ આપણે ક્યાં નથી જોયા ?

આ પરિસ્થિતિમાં વરસાદએ શુધ્ધ પાણીનું મોટામાં મોટુ સ્તોત્ર છે. વરસાદ નજીક આવી રહ્યો છે ત્યારે તેના પાણીનો બચાવ કરી – લેને જમીનમાં ઉતારી – તેનો યોગ્ય સંગ્રહ કરી – સમુદ્રમાં વહી જતુ રોકવાના તમામ પ્રયત્નો માટે દેશની જનતાએ કટીબધ્ધ થવાની તાતી જરૂરીયાત છે જ એમાં બે મત નથી અને એ માટે આવી રહેલી સીઝનમાં સરકાર સાથે રહી વરસાદી પાણીના સંગ્રહ – બચાવ અને ઉપયોગ ની વ્યવસ્થા માટે તત્પર થવું જોઈએ.

વધુ વરસાદ માટે વૃક્ષો ઉગાડવા પર ધ્યાન આપવું જોઈએ. આપણે ત્યાં વર્ષોથી હજારો અને લાખોની સંખ્યામાં વૃક્ષો વાવવામાં આવે છે. પણ તંત્ર સાથે આપણે પણ આરંભે શૂરા થઈ વૃક્ષારોપણ તો કરી દઈએ છીએ – પણ પછી આ વૃક્ષોના ઉછેરની જવાબદારી તરફ ભગવાન સિવાય કોણ ધ્યાન આપે છે ? લાખોના ખર્ચે વૃક્ષો રોપીએ છીએ તો ઉછેરવાની જવાબદારીની ખબર ના પડે ?

વરસાદી પાણીના બચાવના આયોજન અંગે વિચારીએ તો પાણી દરિયામાં વહી ના જાય અને જળાશયોમાં જમીનમાં ઉતરે તે માટે મોટા આયોજનો ની તાતી જરૂર છે. આ તો મોટા આયોજનની વાત થઈ – પણ એના માટે સરકાર ના કામમાં સહકાર આપવો એ આપણી ફરજ છે. આવા કાર્યોમાં કોઈ મુશ્કેલી ઉભીના થવી જોઈએ.

પોતાના ગામમાં પડતા વરસાદના પાણીના સંગ્રહ માટે ગામ લોકોએ ભેગા મળી તળાવો ઊંડા કરવા – સાફ રાખવા – કે નાના નાના જળાશયો બનાવવાના જેવા આયોજનો કરવા જોઈએ. ખેડૂતો એ ખેતરમાં પડતા વરસાદના પાણીના સંગ્રહ માટે

નાની નાની ખેત–તલાવડી બનાવવી જોઈએ કે જેથી આ પાણી ખેતરમાં ઉતરે અથવા જો વધારે હોય તો તેનો ઉપયોગ પણ જરૂરિયાત પ્રમાણે કરી શકે.

આ તો થઈ ગામ અને ખેતર માટેની વાતો – આપણે શહેરમાં રહેતા લોકો પણ વરસાદી પાણીનો સંગ્રહ કરી – સાસોયટીના પાણીને ચેનલાઈઝ કરી સોસાયટીના બોરને મોટે પાયે રીચાર્જ કરી શકે છે. ૧૦,૦૦૦ SQ. Yard ની સો. માં પડતા વરસાદ નું પાણી જો ખાડો કરી જમીનમાં ઉતારવામાં આવે તો ભૂગર્ભ જળ ભંડોળમાં કેટલો મોટો વધારો થાય. આપણે બોર દ્વારા માત્ર જમીનનું પાણી ખેંચી લઈ જરૂરીયાત પુરી કર્યાનો આનંદ માણીએ છીએ. આ એકશન સામે થોડુ પણ રીએક્શન આપી શકીએ તો ? ભૂગર્ભજળ વધારવાનું આયોજન ગોઠવીએ તો એક વર્ષ માટે નું નહી પણ તે વર્ષોવર્ષ કામ કરશે અને Under Water table ઘણા Change થશે.

**બીજી અને ખૂબ અગત્યની વાત ...**

આજથી વર્ષો પહેલાં ભરુચના જ નહીં અમદાવાદમાં પણ લોકો વરસાદી પાણીના ટાંકા રાખતા હતા ત્યારે પાણીની સમસ્યા આજ જેટલી ન હતી પણ તેઓ વર્ષભર વરસાદી ટાંકાનું પાણી જ પીવા અને રસોઈમાં વાપરતા હતાં. તો આજે આપણે પણ આપણી જરૂરીયાતના પાણી માટે સ્વનિર્ભર ના થઈ શકીએ? પણ આના માટે જરૂર છે એક મક્કમ નિર્ધાર – થોડા પૈસા અને તમારી પાસે તમારી પોતાની માત્ર 10’ x 10’ ની જગ્યાની. આ આયોજન માત્ર એક વખત માટે કરવાનું છે. પછી વર્ષો વરસ તેનો ઉપયોગ કરી શકયો. તમારું પાણી તમે ઈચ્છો તેમ વાપરી શકશો. અમે છેલ્લા ૧૩ વર્ષથી વરસાદનું પાણી જ પીવામાં રસોઈમાં વાપરીએ છીએ કયારેય બગડયું નથી.

**વરસાદી ટાંકો**

(૧) જમીનમાં એક મોટો ચણતર નો ટાંકો તમારી જરૂરીયાત પ્રમાણે બનાવવો જેમાં પાણીનો સંગ્રહ કરી શકાય.

(૨) આ ટાંકામાં રહેલા પાણીને સૂર્ય પ્રકાશ ના લાગે તેમ સીલ કરવાનો હોય છે.

(૩) પાણીનો સંગ્રહ કરવા પહેલા તેને ફીલ્ટરેશન પ્લાન્ટમાં જવા દઈ ફીલ્ટર કરવું.

(૪) ધાબા પર પડતુ વરસાદનું પાણી ફીલ્ટરેશન પ્લાન્ટમાં જાય તે પ્રમાણે પાઈપ લાઈનો ગોઠવવી.

(૫) આ ફીલ્ટર કરેલું પાણી ટાંકા માં સંગ્રહી રાખવું એક નાની મોટર દ્વારા રોજની જરૂરીયાતનું પાણી બહાર લેવુ અને જરુર જણાય તો ગાળીને વાપરવુ.

(૬) ટાંકામાં કેટલુ પાણી છે તે જાણવા માટે Indicator System પણ લગાડી દેવું હીતાવહ છે.

**આ રીતે પાણી ભેગુ કરવા માટે ધ્યાન રાખવા જેવી બાબતો...**

(૧) સૂર્ય પ્રકાશ પાણી પર પડશે તો પાણીમાં બેકટેરીયા – ફંગસ – લીલ – જીવાણું થશે પાણીમાં ટાંકાને ક્યારેય ખોલીને જોવું નહીં.

(૨) માત્ર ફીલ્ટરને વર્ષે એકવાર – મેં મહીનામાં વરસાદ પડતા પહેલા સાફ કરાવી લેવો.

(૩) ટાંકો સાફ કરવાની જરૂર હોતી નથી એટલે ખોલવો જ નહીં. ૮ થી ૧૦ વર્ષ સુધી નહી ખોલો તો પણ કાંઈ વાંધો નહી આવે.

(૪) પાણી ભેગુ કરી સ્ટોર કરતાં પહેલા ધાબુ અને પાઈપલાઈનો બરાબર સાફ કરી તેનું પાણી બહાર (ડ્રેનેજમાં) જવા દેવું આ માટેની ગોઠવણ (એક વાલ્વ ગોઠવવો) પહેલેથી જ કરી લેવી.

(૫) પાણી ફીલ્ટ્રેશન પ્લાન્ટમાં જવા દેવું કે બહાર ડ્રેનેજમાં ? તે માટે નળ મૂકવો.

(૬) ટાંકો ભરાય જાય તે પછી પણ વરસાદનું પાણી મળી શકે તો તેને જમીનમાં ઉતારવું અથવા બોરમાં જવા દઈ બોર રીચાર્જ કરવો. અને આ રીતે ભેગું કરેલુ પાણી એકદમ શુધ્ધ અને પીવા માટે ઉત્તમ છે. આ પાણી શુધ્ધ અને પીવાલાયક છે કે નહી તે માટે વર્ષે એકાદવાર ટેસ્ટ કરાવી લેવો.

અંતે એક વાત સૌએ વિચારવા જેવી છે. પાણી પુરુ પાડવું એ માટે સરકારે જાગૃત રહેવું જોઈએ. નવા જળાશયો બનાવડાવવા અને જુનાને વધારે સારી રીતે સાચવવા. પણ આ કાર્ય માત્ર સરકારનું જ છે એમ માની જનતાએ મનમાની કરવી એ નાગરિક તરીકે થતો મોટો ગુન્હો જ છે. આપણે પાણી સાચવવાની ફરજને સ્વીકારવી જ રહી – અને આ ફરજ માટે જાગૃત થઈ આવનાર પેઢી માટે એક ઉત્તમ બાબતે વારસો મૂકવાનું ઉદાહરણ પુરુ પાડવું જોઈએ.

**– ગીતા રમેન્દ્ર પરીખ**

**સુધારો**

માર્ચ, ૨૦૧૯ના અંકમાં પાના નં ૩૦ ઉપર સૌથી ઉપરના ભાગે 'અલય ચંદ્રકાંત રૂ. ૫૦૦૦' છપાયેલ છે તેના બદલે 'અલય ચંદ્રકાંત પરીખ, આણંદ – રૂ. ૫૦૦૦/–' એમ વાંચવુ.

## તરંગ–તરંગપટ–જાળાની માયા



પહેલાના જમાનામાં કબૂતરને પગે દોરીથી પત્ર બાંધવામાં આવતો અને તે કબૂતર ઉડાડીને પત્ર સામે છેડે પહોંચાડાતો હતો. આવા તાલીમબદ્ધ કબૂતર માત્ર રાજાઓ/શેઠિયાઓ પાસે હતા. બાકીની પ્રજા પાસે કોઈ વ્યવસ્થા ન હતી. આજે કબૂતરને બદલે વિદ્યુત–ચુંબકીય તરંગોએ આવું સંદેશાવ્યવહારનું કામ ઉપાડી લીધું છે અને આ વ્યવસ્થા સૌને માટે ઉપલ્બદ્ધ છે.

બધાનાં મકાનને છાપરે હારબંધ કબુતરો (વિદ્યુત–ચુંબકીય તરંગો) બેઠાં છે. તે થકી આખી દુનિયામાં ચપટી વગાડતામાં સંદેશો પહોંચી જાય છે.

એમ તો આ તાલીમબદ્ધ કબૂતરોનું ભાડું ચૂકવવું પડે છે. પણ હવે જાહેર સ્થળોએ ફ્રી વાઈ–ફાઈ ઉપલબદ્ધ છે. એટલે કે સંદેશો મોકલવા માટે મફત કબૂતરો મળી રહે છે. બધાને પોતાને છાપરે કબૂતર બંધાવાનું (ભાડું ચૂકવવાનું) ન પોસાય એટલે જ્યાં મફત વાઈ–ફાઈના તરંગો મળે ત્યાં સૌ (ખાસ કરીને જુવાનિયા) ટોળે વળે છે. વાઈ–ફાઈ (Wi-Fi = Wireless-Fidelity) એ (દોરડાં વગર, ચોક્સાઈપૂર્વક) સંદેશો મોકલતા તરંગો છે. જો પૈસા ખર્ચ્યા વગર આવા મફત તરંગો (આપણે અહીં કબૂતર જ કહીશું) મળે તો સૌને લહેર પડી જાય છે. એવામાં પહેલા પૂછી લેવાનું કે પાસવર્ડ શું છે એટલે કે, કબૂતરોને પગે બાંધેલો દોરાનો છેડો ક્યાં છે ? એ છેડો હાથમાં આવે એટલે તરત આપણે સંદેશો બાંધી દેવાનો. પલકવારમાં તો સંદેશ હવામાં વહેતો થઈને દરિયા પાર પહોંચી જાય.

જો તમારો સંદેશો માત્ર લખાણના સ્વરૂપમાં (text) હોય તો ચબરખી નાની બને. તે નાની ચબરખીને મોકલવા માટે એક કબૂતર ચાલે પણ જો ફોટો મોકલવો હોય તો એક સામટા ચારસો કબૂતરને મોકલવા પડે વળી જો વિડીયો ચઢાવવો(upload) હોય તો તેનાથી પણ વધુ કબૂતર મોકલવા પડે. તેમ કરતાં જે વાર થાય તે વખતે સ્ક્રીન ઉપર ચકરડું ગોળ–ગોળ ફરતું દેખાય છે, જેને લીધે અધીરા થઈ જવાય છે. વિડીયો ચઢાવતો(upload) જેટલી વાર લાગે, તેટલી જ વાર તેને કબૂતર પરથી ઉતારતાં (download) પણ લાગે છે. વિડીયો–સંદેશની સાઈઝ વધારે હોય છે તેથી તેને ઉંચકવા માટે ઘણા કબૂતરો એક સામટા ઉભા રાખવા પડે છે. આ એક સાથે ઉભેલા હારબંધ કબૂતરોનો જે

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

પટ્ટો બને એને તરંગપટ (bandwidth) કહેવાય. વિડીયોને સૌથી પહોળો તરંગપટ જોઈએ, ફોટાને એથી ઘણો ઓછો અને લખેલો સંદેશો (text) ઓછામાં ઓછા કબૂતર થકી સફર કરે. એટલે કે એને નાનામાં નાનો તરંગપટ જોઈએ. આવા તરંગપટોનાં સમુહને સ્પેકટ્રમ કહેવાય. આપણી સરકાર મોટી કંપનીઓને સ્પ્રેકટ્રમ વેચવાનો હક હરાજી થકી આપે છે અને તેમાં ભ્રષ્ટાચાર થાય ત્યારે સ્પ્રેકટ્રમ કૌભાંડ સર્જાય છે. 2G (Generation) એટલે જૂની પેઢીનાં ઓછી ઝડપે ઊડતા કબૂતર. પાંચમી પેઢીનાં 5G વાળા કબૂતરોની ઝડપ વધુ અને તરંગપટ મોટો. એટલે મઝા આવે. વિડીયો જેવા મોટા સંદેશા ફટાફટ પહોંચી જાય.

આપણી વાત આગળ ધપાવીએ. જો તમે મકાનની બહાર નીકળો તો તમારાથી તમારા મોબાઈલ જોડે પણ કબૂતર બંધાવી શકાય. મોબાઈલ જોડે કબૂતર બંધાવાના પૈસા આપવા પડે. આને ડેટા પેકેજ ખરીદ્યુ કહેવાય. હવે તમે રસ્તે ચાલતાં પણ તમારો સંદેશો મોકલી શકો. જેમ–જેમ સંદેશા મોકલતા જાઓ તેમ–તેમ કબૂતરો વપરાતા જાય અને છેવટે બધાં કબૂતરો વાપરીને ખુબ સંદેશા મોકલી દો તો ડેટા–પેકેજ ખલાસ થઈ જાય. નવા ડેટા–પેકેજના નવેસરથી પૈસા આપવા પડે. આ પરિસ્થિતિ વર્ણવતું એક કાર્ટૂન બહુ પ્રચલિત થયું છે. એક બાળક પિતાને કહે છે કે, “મારે તમારા માલ–મિલ્કત, પૈસા–વારસો કશું નથી જોઈતું. બસ, તમે તમારું ડેટા–પેકેજ મારી સાથે શેર કરો.'' એટલે કે, મારા મોબાઈલ સાથે બાંધેલા બધાં કબૂતર વપરાઈ ગયાં છે. હવે તમારા મોબાઈલમાં થોડાં કબૂતર હોય તો મને આપો. હું તેના થકી મારા મેસેજ, સેલ્ફી અને વિડીયો મારા મિત્રો સુધી પહોંચાડીશ. બધા સાથે સતત જોડાએલા રહેવાની સૌને એવી તો લત લાગી છે કે, સંપર્ક તૂટતાંની સાથે જ મન આકુળવ્યાકુળ થઈ જાય છે. ડેટા–પેકેજ વગરનું જીવન સાવ શુષ્ક અને બેકાર લાગે છે.

વાત માત્ર એકબીજા સાથેના સંપર્કની નથી. આખી દુનિયા હવે ઈન્ટરનેટનાં જાળા થકી પણ જોડાએલી છે. આપણે ત્યાંથી કબૂતર ઉડે, નેટનાં જાળાને સહારે રસ્તો શોધે અને આપણે જે માહિતી જોઈતી હોય તે આખી દુનિયામાં પથરાએલ (ગુગલની) માહિતીની વખારોમાંથી લાવી આપે. તમે જો નેટ–બેન્કીંગની સગવડ લીધેલી હોય તો દુનિયાનાં ગમે તે ખૂણેથી વાઈ–ફાઈનું કબૂતર ઊડાડો તે નેટનાં જાળાને સહારે તમારી બેન્ક સુધી જશે, બેન્કનાં કબૂતરનો સંપર્ક કરશે અને તમારા ખાતામાં હાલ જે પૈસા છે તેનો હિસાબ–કિતાબ જાણી લાવશે. પરંતુ જો આ તરંગ–તરંગપટ–જાળાની ત્રિવેણીમાંથી કશું પણ ખોટકાયું તો બધું અટકી પડે. સામેથી ગોળ–ગોળ જવાબ મળે કે, “સર્વર ડાઉન છે.”

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

અને તેવે વખતે આપણને જાણે લકવો મારી ગયો હોય તેવો આભાર થાય !

પહેલા શાળાએથી પાટીમાં ઘરકામ લખીને લાવતાં. પાટી સાંચવીને લાવવી પડતી કે જેથી લખેલું ભુસાઈ ન જાય. હવે શાળામાંથી શિક્ષક હોમવર્ક અપલોડ કરે છે. વિદ્યાર્થીએ લખીને નથી લાવવું પડતું. તરંગ-તરંગપટ-જાળાની ત્રિવેણી થકી તે આપણા ઘર સુધી પહોંચે છે. આ ત્રિવેણીમાં કોઈ લોચો પડે તો હોમવર્ક શું હતું ખબર પડે નહીં અને છોકરાનાં ધમપછાડા શરુ થઈ જાય. મમ્મી સ્કુટર લઈને બીજાને ત્યાં જઈને તરંગ-તરંગપટ-જાળાનો કોઠો ભેદવા નીકળી પડે. તે સફળ ન થાય તો બાજી પપ્પાનાં હાથમાં જાય. પપ્પાએ ઓફિસનું બધું કામ પડતું મુકીને ઓફીસનાં તરંગ-તરંગપટ-જાળાનાં સંસાધનો વાપરીને બાળકનું હોમવર્ક લાવી આપવું પડે. જો તેમ ન થયું તો મમ્મી પપ્પા પર તુટી પડે. બાળકનાં ભણતર બાબતે બેદરકારીનો આરોપ મૂકે. બાળક માં-બાપ પર ફિટકાર વરસાવે. તરંગ-તરંગપટ-જાળા જેવી પાયાની સુવિધા પણ નથી આપી શકતાં તેમ કહીને ઉતારી પાડે. તેવે વખતે વાલીઓએ હીણપત અનુભવવા કરતાં બાળકનાં કાન આમળવાની જરૂર છે. તેનો કાન આમળીને તેને કહેવું કે, આવો કકળાટ કરતાં પહેલા રોટી-કપડા-મકાન, સડક-પાની-બિજલી, કમાઈ-પઢાઈ-દવાઈ જેવી બધી પાયાની જરૂરિયાતો સંતોષાય પછી જ તરંગ-તરંગપટ-જાળાની વાત આવે. (વિજળી તે આ ત્રિવેણીનો આત્મા છે. જેવી વિજળી ઉડી જાય કે પછી આ સંચારવ્યવસ્થાનું મડદું જ બચે છે. જે કશા કામનું નથી.) રાજકરણીઓ પણ જયારે ફ્રી વાઈ-ફાઈ આપવાનો વાયદો કરે છે ત્યારે પાયાની પ્રથમ ત્રણ તબક્કાની જરૂરિયાતોનું શું ? તે પૂછવું રહ્યું.

પણ નવા જમાનાની આ ત્રિવેણીનાં મહત્ત્વનો સ્વીકાર તો કરવો જ રહ્યો. હવે તરંગ-તરંગપટ-જાળું એક મૂળભૂત જરૂરિયાત છે જેના વગર બધા કામો અટકી પડે છે, સંબંધો નિષ્પ્રાણ લાગે છે, મગજ બહેર મારી જાય છે અને જીવનમાંથી રસકસ ઉડી જાય છે.

સેટેલાઈટ દાદા GPS થકી કેવી રીતે દીશાસૂચન કરે છે અને આપણે તેની આંગળી પકડીને કઈ રીતે રસ્તો શોધીએ છીએ તે વાર્તા આવતા અંકે...

તા.ક. ૧) લેખનો ઉદ્દેશ્ય માત્ર એ છે કે, જતી પેઢી નવી પેઢીની ભાષા સમજી શકે.
૨) આંકડા બધા કાલ્પનિક છે.

**- સૌરભ કૌટિયા**

# કોલમ્બસના હિદુસ્તાનમાં - અમેરિકન ઈકોનોમી



અમેરિકન અર્થકારણ રાક્ષસી છે. અહીં બધું જ વિરાટ છે. વીસમી સદીના પ્રથમ બે દસકામાં નવા સંશોધનોના પરીણામો ઉદ્યોગો શરૂ થયા. ૧૯૩૦ની આર્થિક મહામંદી અમેરિકાની પરીક્ષક બની. વિશ્વમાં ૭૦ ટકા લોકો બેકાર બની ગયા. અમેરિકામાં પણ આ પ્રમાણ બે તૃતીયાંશ હતું. પ્રેસીડન્ટ રૂઝવેલ્ટે મહામંદી સામે જંગ માંડયો. વિશિષ્ટ પ્રકારની આર્થિક નીતિ અપનાવી. રોજગારી આપતા અનેક કાર્યક્રમો શરૂ થયા. પરિણામે અમેરીકામાં દુનિયાના કોઈ પણ દેશમાં ન બન્યા હોય તેવા આધુનિક રસ્તા બન્યા આર્થિક આયોજકોએ પચીસ વર્ષ બાદના અમેરીકાની કલ્પના કરી આયોજન કરવા માંડયું. અમેરીકા સાચા અર્થમાં સુપર પાવર બની ગયું. જો કે બીજા વિશ્વયુધ્ધમાં અમેરીકાએ અઢળક નાણું ગુમાવ્યું હતું. પરંતુ મજબૂત ઈકોનોમીને કારણે અમેરીકાને તકલીફ પડી નહી. ૧૯૫૦માં અમેરીકામાં વિકાસ દર ૯ ટકા હતો જેને કારણે અમેરીકા વિશ્વની મહાસત્તા બની ગઈ.

ખેતીના ક્ષેત્રમાં અમેરીકામાં પાંચ ટકા લોકો જ છે પણ વિશ્વને અનાજ પુરુ પાડે તેવી ખેતી ક્ષમતા ઊભી થઈ છે. અમેરીકા ૨૦૧૯ સુધી અનેક વખત મંદીમાંથી પસાર થયું પણ આર્થિક વિકાસ દરમાં મોટો ઘટાડો કયારેય જોવા મળ્યો નથી. ફોર્બ્સના માર્ચ ૨૦૧૯ના અંક પ્રમાણે અમેરીકા ૨૦.૫ ટ્રિલીયન ડોલરની જગતની સૌથી સમૃધ્ધ ઈકોનોમી બની ગઈ. વળી તેની વસતી ૩૨.૮ કરોડ જ છે.

આ ટ્રિલીયન શબ્દ બોલતાં બોલી જવાય છે પણ તેની ગણત્રી રોચક છે. એક મિલિયન એટલે દસ લાખ. આ દસ લાખને એક હજારથી ગુણો એટલે બિલીયન બને આવા એક હજાર બિલીયન એટલે એક ટ્રિલીયન થાય આ રકમને રૂપિયામાં ગણવી હોય તો ૭૦ વડે ગુણવા પડે. ચિત્તભ્રમ થયું હોય એવી સ્થિતિ પેદા થાય. અન્ય રીતે કહીએ તો, જો તમે દર સેંકડે એક ડોલર ખર્ચ કરો તો ટ્રિલીયન ડોલર ખર્ચ કરતાં ૩૧૦૦૦ વર્ષ લાગે. જો તમે દરરોજ એક મિલિયન ડોલર ખર્ચ કરો તો ઈ.સ.ની શરૂઆત પછી આજ દિન સુધી એક ટ્રિલિયન વાપરી ન શકો.

ડોલર વિશ્વના ચલણનો રાજા છે. યુરોપિયન યુનીયને યુરોના ચલણને વ્યવહારમાં

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

મૂક્યું. શરૂઆતમાં યુરોએ ટક્કર આપી પણ ડોલર સામે ટકવું એ સહેલી વાત નથી. અમેરીકાના અર્થતંત્રમાં સહેજ કંપની આવે એટલે સમગ્ર વિશ્વના નાણાંકીય બજારો હચમચી ઉઠે છે. આજે પણ ભારતીય શેરબજાર ડાઉજોન્સ અને નાસ્ડેક પર જ આધાર રાખે છે. જો આ આંક વધે તો શેરબજાર ઉંચું લઈ જાય અને ઘટે તો શેરબજાર તૂટી જાય. હિન્દુસ્તાનની કંપનીઓની પોતાની નાણાંકીય સ્થિરતાની વાત જ કયાં રહી ?

જો કે અમેરિકામાં બધું જ સારું છે એવું માનવાની ભૂલ કરવા જેવી નથી. આર્થિક અસમાનતાના હિન્દુસ્તાનમાં જ છે, એવું નથી. અહીં પણ ભયાનક છે. એક કંપનીના એકઝીક્યુટીવ અને સામાન્ય કારીગર વચ્ચે ૩૦૦ : ૧ ના પગારનો તફાવત જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષમાં જે આવક વધી તેની ૮૦ ટકા રકમ એક ટકા જેટલા ધનિક અમેરીકન પાસે ચાલી ગઈ છે. અમેરીકા ધનિક હોવા છતાં વસતીના નવ ટકા લોકો ગરીબી રેખાથી નીચે જીવે છે. ૩૯.૭ મિલિયન લોકો પાછળ સરકાર દર વર્ષે ૨૮૩૨૧ મિલિયન ડોલર ખર્ચે છે. ૫૮ ટકા લોકો જ પોતાના મસિક બીલ સમયસર ભરી શકે છે. ૩૭ ટકા લોકો પાસે પોતાનું ઘર નથી. અમેરીકામાં પેન્શનનો ખર્ચ ૩.૨ ટ્રિલીયન ડોલર છે. હિન્દુસ્તાનની જેમ અહીં પણ પેન્શનનો ખર્ચ એક સમસ્યા છે. ૨.૮૦ કરોડ લોકો પાસે પોતાના હેલ્થ ઈન્શ્યોન્સ નથી. GDPના ૧૬.૮ ટકા રકમ હેલ્થકેરમાં ચાલી જાય છે. યુ.એસ.હેલ્થકેર સિસ્ટમના એક રીપોર્ટ પ્રમાણે દોઢ લાખ ડોક્ટર્સની ઘટ છે. અહીંની પ્રજા ભવિષ્યની બચતમાં માનથી નથી. પ્રજા ઉડાઉ છે. આને કારણે ૨૪ ટકા અમેરીકાનોએ જોબમાં રીટાયરમેન્ટ પાછું ઠેલ્યું છે. ખૂબ મોટી ઉંમર સુધી અહીં કામ કરતા રહેવું પડે છે. બેકારીનો દર ૪.૪ ટકા છે. દર વર્ષે સાત લાખ લોકો Bankrupcy માટે ફાઈલ કરે છે. ભાગ્યે જ કોઈની પાસે ત્રણ માસ જેટલું ઈમરજન્સી ફંડ હોય છે. અમેરીકામાં ચારમાંથી એક જ વિદ્યાર્થી કોલેજની ડીગ્રી લઈ શકે છે. નેશનલ સેન્ટર ફોર એજ્યુકેશન સ્ટેટીસ્ટીક્સના રીપોર્ટ પ્રમાણે દર વર્ષે દસ લાખ વિદ્યાર્થીઓ શાળામાંથી નીકળીને શેરીમાં આવી જાય છે. આર્થિક અસ્થિરતા ભયાનક છે.

અમેરીકા સમૃધ્ધિ (Affluence) થી પીડાય છે. અભાવની સમસ્યા તરત નજરે ચડે છે પણ સમૃધ્ધિની સમસ્યાઓ ઝટ પકડમાં આવતી નથી. માનવજાત પાસે આજે બે સમસ્યો સમૃધ્ધિની વિપુલતામાંથી પ્રગટતો અંદરનો ખાલીપો માણસમાં એક પ્રકારનો અભાવ જન્માવે છે. ચીનની એક કહેવત છે એક માણસ ભૂખે મરે તે પહેલા એકસો અંકરાતિયા મૃત્યુ પામી ચૂકયા હોય છે. એમરીકાનો કૂકીઝ (બિસ્કીટ) પાછળ ૭૮૪ કરોડ ડોલર ખર્ચે છે. પોટેટો ચીપ્સ પાછળ ૫૮૪ કરોડ ડોલર અને આઈસ્ક્રીમ પાછળ

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

૫૬૫ કરોડ ડોલર ખર્ચે છે. અમેરિકનો દરરોજ ૭૫ એકર જગ્યામાં સમાય એટલા પીઝા, ૫૩ મિલિયન હોટ ડોગ્સ અને ૧૬૭ મિલિયન ઈંડા ઝાપટી જાય છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો એક અહેવાલ કહે છે – દુનિયાની વસ્તીના પાંચ ટકા જેટલા અમેરીકનો દુનિયાની ૩૦ ટકા ઉર્જા વાપરી નાંખે છે. સરેરાશ અમેરીકન જેટલી ઉર્જા વાપરે છે તેટલી ઉર્જા ચીનના ૧૩ મનુષ્યો, ભારતના ૩૧, બાંગ્લાદેશના ૧૨૮ અને ઈથિયોપિયાના ૩૭૦ મનુષ્યો વાપરે છે. અમેરીકાના લોકો ૮૭૦ અબજ કેલરી ખાય છે. એ કેલરી જરૂર કરતાં ૨૦૦ અબજ જેટલી વધારે છે આ વધારામાંથી ૮.૨૫ કરોડ લોકોને ખવડાવી શકાય. વળી અમેરીકનો ખાવાલાયક ખોરાક જે ફેંકી દે છે, એ બગાડ બે લાખ ટન કરતા વધુ છે. ક્રુઝ પર સતત આઠ દિવસ સુધી અમેરીકન પ્રજા સાથે રહીને નિકટતાથી નિહાળ્યું છે. આને કારણે જે અહીં દસમાંથી ચાર વ્યક્તિઓ વધુ પડતા વજન (Obese) ની સમસ્યાથી પીડાય છે, જે ભયાનક રોગો તરફ દોરી જાય છે.

અમેરીકાના વિકાસમાં બેન્કોનો ફાળો મોટો છે. અમેરીકામાં ૫૫૫૧ બેન્ક છે. ઈકોનોમી હાલ સારી હોવાથી ૨૦૧૮ માં એકપણ બેન્ક બંધ થઈ નથી. ૨૦૧૦માં ૯૬ બેન્ક અને ૨૦૧૬માં ૧૭ બેન્ક બંધ થઈ ગઈ હતી. અમેરીકાની બેન્કોમાં ૧૨૩૦૭ બિલિયન ડોલરની ડીપોઝીટ છે. સૌથી મોટી બેન્ક જે.પી. મોર્ગન–ચેઝ બેન્ક છે જેની મૂડી ૨૬૦૯ બિલીયન ડોલર છે. અમેરીકામાં ૩૫ બેન્કોની કેપીટલ દસ હજાર મિલિયન ડોલર કરતાં પણ વધુ છે. હિન્દુસ્તાનની સૌથી મોટી બેન્ક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની કેપીટલ ૪૯૩૫૩ કરોડ ડોલર છે. જો કે અમેરીકામાં બેન્કની નોકરી આર્કષણ ગણાતી નથી.

અમેરીકામાં ઉદ્યોગો જંગી ઉત્પાદન અને વેચાણ કરે છે. નફો પણ પુષ્કળ હોય છે. આ નફાનો ઉપયોગ રીઝર્વને બાદ કરતાં નવા સાહસો ઊભા કરવા વપરાય છે. પરીણામે રાષ્ટ્રીય આવકમાં વધારો નોંધાય છે. ૨૦૧૮માં અમેરીકાની મોટી કંપનીઓએ ન કલ્પી શકાય તેટલા વેચાણ મેળવ્યા છે. પ્રથમ નંબરે વોલમાર્ટ છે. જેનું વેચાણ જુન ૨૦૧૯ ફોર્ચ્યુન મેગેઝીનના અહેવાલ પ્રમાણે ૫૧૪૪૦૫ મિલિયન ડોલર હતું જે વિશ્વમાં પ્રથમ છે. વોલમાર્ટના સીઈઓ ડગ મેકમીલને હિન્દુસ્તાનમાં ફલીપકાર્ટ સાથે કરાર કર્યો છે અને તેનો ૭૭ ટકા Stake હાંસલ કર્યો છે. સ્ટોક માર્કેટ જાયન્ટ વોરેન બફેટની બર્કશાયર હાથવે ૨૪૭૮૩૭ મિલિયન છે. એમેઝોન પાંચમા નંબરે છે જેવું વેચાણ ૨૩૨૮૮૭ મિલિયન છે. ગુગલનું વેચાણ ૧૩૬૫૧૯ મિલ્યન ડોલર છે. આ જંગી આંકડા ઓમાંથી માત્ર બે ટકા રોકાણ હિન્દુસ્તાનમાં થાય તો પાંચ વર્ષમાં જ રાષ્ટ્રીય આવકમાં ત્રણ ગણો વધારો થાય.

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દસ વર્ષમાં હિન્દુસ્તાન ઈકોનોમી ૫ ટ્રિલિયન ડોલરને આંબી જાય તેવું વિઝન મૂક્યું છે.

તમને થશે કે અમેરીકા વળી દેવાદાર દેશ હોય ? પરંતુ આ હકીકત છે. ૨૦૧૮માં વેપાર ખાધ (Defecit) ને લીધે ૧.૬ ટ્રિલીયન ડોલરનું રાષ્ટ્રીય દેવું છે. વ્યક્તિદીઠ આ દેવું ૩૫૩૮૦ ડોલર છે. હિન્દુસ્તાનનું વ્યક્તિગત દેવું ખૂબ જ ઓછું છે. પણ અમેરીકાનું દેવું આંતરીક છે. જયારે હિન્દુસ્તાન નું દેવું બાહ્ય છે. વિદેશી દેવાની કારણે આપણી મૂડી વિદેશોમાં વ્યાજના સ્વરૂપે ઘસડાઈ જાય છે. જયારે અમેરીકામાં મૂડી બહાર ઘસડાઈ જવાનો ભય નથી. ૮૩૨ બિલીયન ડોલરની ખાધ હોવા છતાં અમેરીકાની મલ્ટીનેશનલ કંપનીઓનું વિદેશમાં ખૂબ જ મોટું રોકાણ છે. તેથી વિદેશોમાંથી મુડી અમેરીકામાં ખેંચાઈ આવે છે. ખાધને સરભર કરતાં તે મૂડી વધારે વ્યાજ સ્વરૂપે હોય છે. જેથી ડોલરને વાંધો આવતો નથી. ડોલર હંમેશા મજબૂત જ રહે છે.

હિન્દુસ્તાન આઝાદી પછી સતત ખાધ કરતું રહ્યું છે. ઔદ્યૌગિકરણ માટે ગુણવત્તાવાળી ટેકનોલોજી તેમજ ભારે ઉધોગો માટે લવાતી સાધનસામગ્રીની આયાત કરવી પડે છે. સૌથી વધુ આયાત ખનીજતેલની છે. ખનીજતેલના ભાવો આંતરરાષ્ટ્રીય સ્તરે વધતાં વધુ રકમ આયાત કરવામાં ખર્ચાઈ જાય છે. હિન્દુસ્તાનની ખનીજ તેલની માંગ છે, તેની સામે ઉત્પાદન ૨૬ ટકા જ છે. ૭૪ ટકા ઓઈલ આયાત કરવું પડે છે. જેથી વિદેશી હૂંડીયામણ તેમાં ચાલી જાય છે.

જો કે, ચીન અમેરીકાને જબ્બર ટક્કર આપી રહ્યું છે. હાલ ચીન અને અમેરીકા વચ્ચે ટ્રેડવોટ ફાટી નીકળ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ આયાત દર વધારવા મૂડમાં છે. ચીનની GDP ૧૩.૬ ટ્રિલિયન ડોલરની છે. જે વિશ્વમાં બીજા નંબરે છે. પરંતુ ચીનની વસ્તી ૧૪૦ કરોડ છે. ચીનની પ્રગતિ જોઈને અચંબો પામી જવાય તેમ છે. કુલ વસ્તીના ૫૫.૮ ટકા લેબર ફોર્સ છે. ચીન ૬૦ માળનું મકાન ૯૦ દિવસમાં બનાવી શકે છે. તેમની ઉત્પાદન કિંમત સમગ્ર વિશ્વમાં સૌથી નીચી છે. ચીનમાં ૯૯૬ વર્ક કલ્ચર છે. એટલે કે લોકો સવારના ૯ થી રાતના ૯ છ દિવસ કામ કરે છે. અઠવાડીયાના ૭૨ કલાક કામના હોય છે. પરંતુ ચીનના લેબર કાયદો ૪૪ કલાક થી વધુ કામની છૂટ આપતો નથી. લેબર ફોર્સનો એક મોટો વર્ગ ૯૯૭ વર્ક કલ્ચરનો ભારે વિરોધ કરી રહ્યો છે. ચાઈના પીપલ્સ ડેઈલી અખબારના એક રીપોર્ટ પ્રમાણે ચીનનો GDP 6.6% સુધી નીચે આવી ગયો છે. અમેરીકામાં વપરાતી ૮૫ ટકા વસ્તુઓ ચીનમાં બનેલી હોય છે. અમેરીકામાં ઉત્પાદન

**સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.**

મોઘું છે. ન્યુયોર્ક ટાઈમ્સના સિનિયર એડીટર થોમસ ફ્રીડમેન કહે છે ચીનને છંછેડશો નહીં. એક દિવસ ચીન આખા વિશ્વને ગળી જશે.

ચીન અમેરીકા સાથે વેપારમાં પ્રથમ સ્થાને છે. ચીનનો અમેરીકા સાથેનો વેપાર ૬૩૫ બિલીયન ડોલરનો છે. ચીન માત્ર ૧૨૮ બિલિયન ડોલરની આયાત કરે છે જયારે તેનાથી ચાર ગણી ૫૦૫ બિલીયન ડોલરની નિકાસ કરે છે. જેને કારણે ચીનનું ચલણ મજબૂત છે. અમેરીકાના માથે ચીનનું ૧૩૦૦ અબર નું દેવું છે. ચીન વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં જોડાયા પછી અમેરીકામાં ઉત્પાદનને લગતી પચાસ હજાર નોકરીઓ છુટી ગઈ છે. અમેરીકાએ ચીનમાં ૩૯૫૧૮ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. જો કે હિન્દુસ્તાન અને ચીન વચ્ચે પણ વેપાર છ લાખ કરોડ રૂપિયાને આંબી ગયો છે. ચીન અને અમેરીકા વિશ્વની કુલ વીજળી ૫૦ ટકા વાપરી નાંખે છે. બાકીના ૧૯૨ દેશો ૫૦ ટકા વીજળી વાપરે છે.

અમેરીકાનું બજેટ વર્ષે ૪ ટ્રિલીયન ડોલર છે તેની બજેટ ખાધ GDP 5.5% છે. જયારે હિન્દુસ્તાનનું બજેટ ૩૩૦ બિલીયન ડોલર છે. તેની બજેટ ખાધ GDP 6.3 % છે. અમેરીકા એ હિન્દુસ્તાનમાં ૯૮૧૯ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. અમેરીકા અને હિન્દુસ્તાન વચ્ચેનો વેપાર ૭૪૨૯૨ મિલિયન ડોલરનો છે. હિન્દુસ્તાનની નિકાસ કરતાં ડબલ છે. GDP માં પ્રથમ નંબર અમેરીકા (૨૦.૫ ટ્રીલીયન ડોલર, વસ્તી ૩૨.૮ કરોડ), બીજા નંબરે ચીન (૧૩.૬ ટ્રીલીયન ડોલર, વસતી ૧૪૦ કરોડ), ત્રીજા નબરે જાપાન (૫ ટ્રિલીયન, વસ્તી ૧૨.૬ કરોડ, ચોથા નંબરે જર્મની (૪ ટ્રિલીયન, વસ્તી ૮.૩ કરોડ) પાંચમા અને છઠ્ઠા નંબર ફ્રાન્સ અને બ્રિટન છે. બન્ને દેશોની GDP 2.8 ટ્રિલિયન અને વસ્તી ૬.૫ કરોડ છે. ત્યારબાદ હિન્દુસ્તાન (૨.૭ ટ્રીલીયન, વસતી ૧૩૦ કરોડ) આવે છે. હિન્દુસ્તાન ઝડપભેર ફ્રાન્સ અને બ્રિટનને અતિક્રમીને વિશ્વની પાંચમા નંબરની ઈકોનોમી બનવા કમરકસી રહ્યું છે. તેમજ બજેટ ખાધને ત્રણ ટકા સુધી રાખવા કટિબધ્ધ છે.

હાલ અમેરીકાની ઈકોનોમી ઓટો વ્હીકલ અને શસ્ત્રઉદ્યોગ પર જ ટકી રહી છે. અમેરીકામાં ૮૪.૨ ટકા લોકો પાસે પોતાની કાર છે. જો કે વિશ્વમાં સૌથી વધુ કારનું ઉત્પાદન ચીન દર વર્ષે ૨૪.૮ કરોડ કરે છે. દુનિયાના દરેક દેશો દર વર્ષે પોતાના સંરક્ષણ બજેટમાં વધારો કરે છે. એટલે અમેરીકાના શસ્ત્રો વેચાય છે. દુનિયાના દેશો લડતા રહે તેમાં અમેરીકાનો ફાયદો છે.

અમેરીકાની ઈકોનોમી સ્ટેબલ ઈકોનોમી કહેવાય છે. અહીં ફુગાવો નહીંવત છે.

**સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.**

વસ્તુઓના ભાવો લગભગ સ્થિર હોય છે. આઠ વર્ષ પહેલા ચીજવસ્તુઓના જે ભાવ હતા, તે જ ભાવ અત્યારે જોવા મળે છે. ફુગાવા વિનાની ઈકોનોમી અને વેલફેર યોજનાના લાભો વિશ્વમાં શ્રેષ્ઠ છે. ઈમીગ્રેશન, ઈનોવેશન, કુદરતી સંપત્તિ, મક્ત વ્યાપાર અને લોકશાહીને કારણે અમેરીકા દુનીયાનો સૌથી મોટી ઈકોનોમી બની ગઈ છે.

જો કે હવે હિન્દુસ્તાનને અવગણી શકાય તેમ નથી. વિશ્વ હવે હિન્દુસ્તાનને માનની નજરે જોતુ થયું છે. આપણો વિકાસ દર હાલ ૭ ટકા છે. ઈકોનોમીને આગળ લઈ જવા માટે વધુ વિકાસ દર હાંસલ કરવો પડે. હિન્દુસ્તાનનું જમાપાસુ એ છે કે દેશની ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી નાની વયની છે. હાલ ૩૫ ટકા વસ્તી એટલે કે ૪૫.૭૨ કરોડ લોકો ઈન્ટરનેટ વાપરે છે આગામી પાંચ વર્ષમાં તેમાં વીસ ટકા જેટલો વધારો થાય તો ડીજીટલ ઈન્ડીયા થકી દેશ મજબૂત બની શકે. આ ઉપરાંત આંતર માળખાકીય સુવિધાઓ (રસ્તા, રેલ્વે, જળમાર્ગ, હવાઈમાર્ગ) લધુ ઉધોગો રોજગારી–હાલ બકારીનો દર ૧૫ ટકા છે. તેને ઝડપથી ઘટાડી શકાય. મજબૂત વિદેશ નીતિ, પ્રદુષણ મુક્ત યોજનાઓ, વૈશ્વિક ઉત્પાદન, અન્નનું મબલખ ઉત્પાદન, પીવાનું સ્વચ્છ પાણી, સતત વીજળી મળે તેવી સુવિધા, દરીયાકીનારાનો વિકાસ, શિક્ષણનો દર વધારવો અને દેશને રોગમુક્ત કરવો–આવા વિઝનથી હિન્દુસ્તાન દસ વર્ષમાં તેનો GDP ડબલ કરી શકે છે. જો સરકાર અને પ્રજા–બંને કટિબધ્ધ હશે માટે તે લક્ષ્યો હાંસલ થશે તેમાં શંકા નથી.

(આવતા અંકે અમેરિકન શિક્ષણની વાત)

**– હિમાંશુ શાહ**

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

ભાદરવા સુદ – ૬ નો હવન તારીખ ૪–૯–૧૯ ના બુધવારે વાયડમાં નવચંડી હવન થશે.

શ્રીફળ સાંજે ૫–૦૦ થી ૫–૩૦ વાગે હોમાશે. પ્રસાદ સાંજે ૬ થી ૬–૩૦ કલાકે

જે જ્ઞાતીજનોને હવનમાં બેસવાની ઈચ્છા હોય તેમણે તા. ૧૫–૮–૧૯ સુધી તેમનું નામ પાટણમાં અજયભાઈ પરીખને ફોન કરી નોંધાવી દેવું.

જો જ્ઞાતિમાંથી કોઈ નામ નહીં આવે તો પરજ્ઞાતીનાને હવનનો લાભ આપવામાં આવશે જેની નોંધ લેવી.

**લી. સેક્રેટરી**

**અજયભાઈ એ. પરીખ, ફોન : ૯૮૨૪૬૬૭૩૨૩**

## હા પસ્તાવો વિપુલ ઝરણું....



"આ બધું મારા ઘરમાં ન ચાલે સમજ્યા તમે ?" શેઠ નવનીતરાય ગર્જી ઉઠ્યા. નંદિની અને સુરેખાબહેન – બંને ધ્રુજી ઉઠ્યા. નંદિની એટલે શેઠ નવનીતરાય અને સુરેખાબહેનની નાની વહુ–સૌમ્ય–શાંત અને નખશીખ ગુણવાન યુવતી.

વાત જાણે એમ હતી કે સુરેખાબહેન અને નંદિનીએ ગઈકાલે અગિયારસ નિમિત્તે ઘરે કોઈ મહાત્માને ભોજન માટે આમંત્રિત કરેલા. નાસ્તિક સ્વભાવના નવનીતરાયને આ બધી બાબતો ગમતી નહીં. એ જ બાબતે આજે સવારે સાસુ–વહુ બંનેની શાબ્દિક ધોલાઈ થઈ રહી હતી !

વસ્તુતઃ નંદિની નવનીતરાયને શરૂઆતથી જ પસંદ ન હોતી. એનું કારણ એની સાદગી, આર્થિક – માનસિક – સામાજીક અસમાનતા હતી. નવનીતરાય હાઈપ્રોફાઈલ બિઝનેસમેન હતા. બિઝનેસના સંબંધે તેમને અનેકાનેક પાર્ટીઓમાં જવાનું થતું. તેની સાથે રહેતો મોટો પુત્ર નિશાંત અને તેની અત્યાધુનિક પત્ની નિશી ! ટૂંકા, સ્લીવલેસ આધુનિક વસ્ત્રોમાં શોભતી નિશીને સાસુ સાથે થોડો ઓછો જ મનમેળ હતો. કારણ કે બંનેના સ્વભાવમાં જમીન આસમાનનો ફરક હતો. વસ્ત્રો, ખોરાક અરે સમગ્ર રહેણી–કરણી વગેરે બાબતોમાં વિચારભેદ રહ્યા કરતો. સુરેખાબહેન તેને વસ્ત્રોની પસંદગીમાં મર્યાદા જાળવવાનું સૂચન કરતાં તો નિશી તેને સમયની માંગ કહેતી. સુરેખાબહેન તેને સમયસર જમી લેવાનું કહે તો નિશી વ્યસ્તતાનું બહાનું કાઢતી. હવે તો સુરેખાબહેને વિરોધ કરવાનું પણ છોડી દીધું હતું. એટલે જ નાના પુત્ર નમન માટે એ કોઈ સાદગીસભર અને ઘરગથ્થુ કન્યાની શોધમાં હતા.

સુરેખાબહેનનો વિરોધ આધુનિકતા પ્રત્યે જરા પણ ન હતો. પરંતુ ઘરના જવાબદાર સભ્ય તરીકે નિશી વર્તન કરે તેવું ઈચ્છતાં રહેતાં. ઘરમાં દિવાળી નિમિત્તે લક્ષ્મીપૂજન હોય ત્યારે જ નિશીની કિટીપાર્ટી ગોઠવાતી. નવા વર્ષની સવારે દીવડા પ્રગટાવવાનું તો ઠીક, નિશી સવારે સાત વાગે ઉઠી પણ ન શકતી ! સુરેખાબહેન ક્યારેક આ માટે નવનીતરાયને કહેતાં તો તેઓ કહેતા "જુવાનીયાં છે, સુરેખા... એને એની રીતે જીવવા દો." નવનીતરાય પોતે પણ હંમેશા 'પેજ થ્રી' પર ચમકતા રહેતા. નિશાંત અને નિશી પણ તેની લાઈફસ્ટાઈલને લઈને ઉદ્યોગજગતમાં હંમેશા 'લાઈમ લાઈટ'માં

રહેતા. એની આ જીવનશૈલીમાં ગોઠવી શકે એવી જ એક કન્યા નવનીતરાયે નાના પુત્ર નમન માટે નજરમાં રાખી હતી. એ કન્યા એટલે નિશીની નાની બહેન નમ્રતા. નમ્રતા પણ અલ્ટ્રામોડર્ન હતી. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર તરીકે નવા નવા પ્રોજેક્ટ પર કામ કરતી હતી. નવનીતરાય વેવાઈને આ સંબંધ અંગે વાત કરવાના જ હતા, પરંતુ વિધાતાને કૈંક બીજું જ મંજુર હતું...

શહેરના વિદ્યાલયમાં અનુદાન આપવા ગયેલા નમનની નજરમાં ત્યાં શિક્ષિકા તરીકે કામ કરતી નંદિની વસી ગયેલી. તો સાલસ અને સૌજન્યશીલ નમન પણ નંદિનીને ખૂબ ગમી ગયેલો. ફોન નંબરની આપ-લે થઈ. સામાન્ય વાતોથી શરૂ થયેલો સંબંધ ક્યારે સાત જન્મના સંગાથના સોગંદ સુધી પહોંચી ગયો તેની બંનેમાંથી કોઈને ખબર ન રહી. નમને ઘેર સુરેખાબહેનને બધી જ વાત કરી. સુરેખાબહેને બધી તપાસ કરી. બંને આ બાબતમાં કેટલાં ગંભીર છે તે ચકાસી જોયું. પોતે જેવી વહુ ઈચ્છતાં હતાં તેવી જ નંદિની હતી. વળી તેથીય અગત્યની વાત એ હતી કે તે નમનને પસંદ હતી. જો કે પતિ આ સંબંધ ક્યારેય માન્ય નહીં જ રાખે એ વાત સારી રીતે જાણતાં હોવા છતાં તેમણે પતિને આ વાત ફૂંકીફૂંકીને કરી, નવનીતરાય તો રાતા-પીળા થઈ ગયા. પોતાના સ્ટેટ્સની દુહાઈઓ આપી, અસમાનતાઓ તરફ આંગળી ચીંધી. ફાઈનલી આ સંબંધની સોઈ ઝાટકીને ના પાડી દીધી. નમને જાણે કોઈ મોટો ગુનો કરી નાંખ્યો હોય તેમ તેનાથી વાતચીતનો વ્યવહાર કાપી નાંખ્યો! આડકતરી રીતે પોતાની મિલ્કતમાંથી બે-દખલ કરવાની ધમકી સુધ્ધાં આપી દીધી.

તેનાં આવાં અક્કડ વલણથી ગિન્નાયેલાં સુરેખાબહેને મોટો ધડાકો કર્યો ! તેમણે શહેરનાં શિવમંદિરમાં જઈને નંદિનીનાં માતા-પિતા તથા નજીકના સગાંની હાજરીમાં બંનેનાં લગ્ન કરાવી આપ્યાં. ગાડીમાંથી નવપરિણીત યુગલ સ્વપ્નના શણગાર સજીને ઊતર્યું. કોડભરી નંદિનીએ શેઠ નવનીતરાયના બંગલે પગ મૂક્યો... કંકુપગલાં પાડ્યાં. નવનીતરાયે આ જાણ્યું ત્યારે તેમના ક્રોધનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. તેનો અહંકાર ભયંકર હદે ઘવાયો હતો. પોતાનું સ્ટેટ્સ, માન-મરતબો જાહોજલાલી – બધું જ રસાતળ જતું ભાસ્યું.

પગે લાગવા આવેલા દંપતીને અહંકારના ધુમાડા સિવાય કાંઈ હાથ ન લાગ્યું. ત્રણેય જણે 'સમય એ જ મલમ' એમ માનીને મન મનાવી લીધું. સુરેખાબહેને બંનેને ફરવા માટે સિંગાપોર – મલેશિયા મોકલી આપ્યા. દસ દિવસની મધુરજની માણીને નમન – નંદિની રાબેતા મુજબના જીવનમાં પરોવાઈ ગયાં. નવનીતરાયનો અણગમો કાયમ રહ્યો. સુરેખાબહેન ઘણી વખત તેને સમજાવતાં તો નવનીતરાય કહેતા, "તમે મોટી ભૂલ કરી છે

સુરેખા ! તમે મારી વિરુદ્ધ આવડો મોટો નિર્ણય લીધો જ કેમ ? હવે ભોગવો.” નંદિનીને હૃદયથી તો તેઓ અપનાવી શક્યા જ નહીં.

હા, નિશાંત અને નિશી નંદિનીથી આત્મીયતાથી વર્તતાં. નંદિનીના પ્રેમાળ અને શાંત સ્વભાવે નવનીતરાય સિવાય બધાના હૃદય જીતી લીધાં હતાં. નવનીતરાય અને નંદિની વચ્ચે પણ બધું બરાબર થઈ જશે એવી સુરેખાબહેનને ખાતરી હતી. એકબાજુ નવનીતરાયનો કાળમીંઢ અહંકાર હતો. તો બીજી તરફ નંદિનીનું લાગણીથી ધબકતું પાણીપોચું હૃદય હતું. પરંતુ પાણીનો એકધારો પ્રવાહ ગમે તેવા પત્થરમાં પણ આંકા પાડી દે છે એ વાત સુરેખાબહેન બરાબર સમજતાં.

આમ ને આમ આઠેક મહિના પસાર થઈ ગયા. એકબાજુ નંદિની તેના સાલસ સ્વભાવને કારણે ન માત્ર કુટુંબમાં, પરંતુ સમાજમાં પણ લોકોનો પ્રેમ મેળવી રહી હતી. રહી ગયા હતા માત્ર નવનીતરાય... કુદરત તેનો ખેલ બરાબર ખેલી રહી હતી. ફાસ્ટલાઈફ, અનિયમિત ભોજન, માનસિક તાણ વગરેને કારણે શેઠ નવનીતરાય માંદા પડ્યા. વધુ પડતી સિગારેટ પીવાને કારણે તેમને ફેફસાંનું કેન્સર ભેટમાં મળ્યું. શહેરની પંચતારક હોસ્પિટલમાં અત્યાધુનિક સારવાર કરાવી. પ્લાસ્ટીકના ફૂલો જેવી કૃત્રિમ સેવા મેળવી. અંતે ઘેર આવ્યા. નંદિનીએ જાતે તેની સેવા ચાકરીની જવાબદારી ઉપાડી લીધી. “ભાડૂતી નર્સ પપ્પાની સેવા કેવી કરે ?” કહીને પોતે જ સેવામાં ડૂબી ગઈ. નિશી તો પહેલેથી જ સેવાનું ડી.એન.એ. લઈને નહોતી જન્મી ! તે તો સસરાના રૂમમાં પણ ભાગ્યે જ ડોકિયું કરતી. તે કહેતી “છી ! પપ્પાજીમાંથી કેવી વાસ આવે છે...! તેની ઉલ્ટી જોઈને તો મને જ ઉલ્ટી થવા માંડે છે. ગમે તેવા મોંઘા માણસો રાખો પણ મારાથી તો આ નહીં જ થાય. મને તો તેમના રૂમમાં જતાં જ ઉબકા આવવા લાગે છે. સેવા–બેવાનું કામ આપણું નહીં યાર.”

સામે પક્ષે નંદિની ઉલટભેર સેવા કરતી. નાનપણથી તે પોતાના ફળિયાના અનેક નિરાધારો, વૃધ્ધ લોકોની ટેકણલાકડી બનતી. કોઈની દવા લાવવી હોય કે હોસ્પિટલે લઈ જવું હોય. નંદિની હંમેશાં તૈયાર રહેતી. એ સૌના આશીર્વાદના પ્રતાપે તો તેને નમન જેવો પ્રેમાળ જીવનસાથી અને સુરેખાબહેન સરીખાં હેતાળ સાસુમાં મળ્યાં હતાં!

દિવસો વીતતા ગયા. નવનીતરાયની માંદગીની ગંભીરતા વધતી જ ચાલી. નંદિનીએ તન–મનથી સેવા કરી. નંદિનીનાં હુંફાળા વર્તનથી નવનીતરાયના અહમના પહાડો ઓગળવા લાગ્યા. નંદિની જ્યારે તેને કોળિયા ભરાવતી ત્યારે તેને લાગતું કે તેની માં તેને જમાડી રહી છે. પ્રેમ અને પૈસા, સેવા અને મેવા, ગોળ અને ખોળ વચ્ચેનો

તફાવત તેમને બરાબર સમજાઈ ગયો હતો. ક્ષીણ થતો જતો દેહ હવે વધારે નહીં ટકે એ સત્ય તેમને સમજાઈ ચૂક્યું હતું. જે નિશી તેમને પોતાની સમોવડી લાગતી તે તો તેમની માંઘીદાટ કારમાંથી સેન્ડલ ટપટપાવતી ઉતરતી, પાર્ટીઓમાં મહાલતી ! તે તો તેનાં રૂમમાં આવવા પણ તૈયાર નહોતી. જે નંદિનીને તેમણે સતત અવગણી હતી તે તો તેમને પોતાના પ્રેમના વારિથી ભીંજવી રહી હતી. સુરેખાબહેન આવી કપરી પરિસ્થિતિ વચ્ચે પણ વહુ પર ગર્વ અનુભવી રહ્યા હતા. સમાજ પણ નંદિનીને પ્રશંસાના પુષ્પોથી વધાવતો. નવનીતરાય પારાવાર પસ્તાવો કરી રહ્યા હતા.

એક વખત નવનીતરાયને નંદિનીનાં હાથના લસણીયા મમરા ખાવાની ઈચ્છા થઈ. નંદિનીએ લસણ છોલીને વઘાર કર્યો અને એક જોરદાર ઉબકો તેનાં પેટમાંથી ઉઠ્યો. તે બેસીન તરફ દોડી ગઈ. સુરેખાબહેને પ્રેમથી તેના વાંસે હાથ ફેરવ્યો. તેનો રૂપાળો ચહેરો શરમથી વધારે રૂપાળો બન્યો ! તેની શંકા હકીકતમાં પલટાઈ રહી હતી. જલ્દી જ આ સારા સમાચાર આખાં ઘરમાં સુગંધ જેમ ફેલાઈ ગયા. બિમારીના વાતાવરણમાં રૂડા રાજીપાની લહેર દોડી ગઈ. નવનીતરાય તો ગળગળા થઈ ગયા. બોલ્યા.. 'બેટા... ઠાકોરજીના આશીર્વાદ આપણા પર ઉતરી રહ્યા છે, જાવ... મંદિરે જાવ અને થાળ ધરાવી આવો.'

મહિનાઓ વીતવા લાગ્યા. નવનીતરાય જાતજાતની દવાઓ, પરિવારની હૂંફ, ઠાકોરજીની દયાના ટેકે ટકી રહ્યા હતા. સસરાની ચિંતાના કારણે નંદિનીએ પિયર જવાનું પણ ટાળ્યું હતું. નવનીતરાયની ઈચ્છા પ્રમાણે સીમંત પ્રસંગ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. પ્રસંગ પતાવીને તે માવતરે જવાને બદલે પાછી સાસરે આવી. બધાં, ખાસ તો સુરેખાબહેન નંદિનીને કાચનાં વાસણની જેમ સંભાળતાં હતાં. નંદિની પણ તન-મનથી સત્કાર્યો કરતી.

આખરે એક દિવસ સવારથી નંદિનીને પ્રસૂતિની પીડા ઉપડી. હોસ્પિટલ જતી વખતે તે પહેલાં ઠાકોરજીને અને પછી સસરાને પગે લાગી. નવનીતરાયે પોતાના કૃશ હાથોથી ખોળો ભરાઈ જાય તેટલા આશીર્વાદ આપ્યા.

આખાં શરીરના તાણાવાણા પીંખી નાંખીને આખરે એક નવા જીવનું આ પૃથ્વી પર આગમન થયું. નમન-નંદિનીને ત્યાં લાલાનો જન્મ થયો. પરિવારમાં ઉત્સવ આવી ગયો. નવનીતરાય તો રડી જ પડયા. બીજા દિવસે નંદિનીએ લાલાને લઈને પોતાના ઘરે પગ મૂક્યો. સૌપ્રથમ નવા નવેલા દાદાજીને પગે લગાડવા માટે લાલાને તેડી ગયાં. નવનીતરાયના સોજા ચઢેલા, ધ્રૂજતા, અશક્ત હાથોમાં નવજાત શિશુને સોંપ્યું. પોતાના વંશવેલાનું આ કુસુમ... એક અજબ-સી ઝણઝણાટી તેમના આખાય દેહમાં

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

વ્યાપી ગઈ. નવજાત શિશુની અનોખી સુગંધે તેમને તરબતર કરી દીધા ! તેમને નિશાંત–નમનનો જન્મ યાદ આવી ગયો. તે સમયે પોતે કેવા ઘેલા ઘેલા થઈ ગયા હતા ! અહાહા... શું રાજીપો... હે ભગવાન, આનંદને કારણે જાણે હ્રદય હમણાં જ છાતીનું પીંજરું તોડીને બહાર આવી જશે કે શું ? હે ભગવાન ! હે ભગવાન... આટલો આનંદ કેમ થાય છે ? પરમ આનંદ, પરમ આનંદ... ખરેખર હ્રદય બહાર આવી રહ્યું છે કે શું ? શું ? શું ?

અને ખરેખર આનંદના અતિરેકથી આવેલા હ્રદયરોગના તીવ્ર હુમલાને લીધે શેઠ નવનીતરાય ઈશ્વરના પરમ ધામમાં પહોંચી ગયા... ! બધાં જીવન મૃત્યુનો આ ચકરાવો સ્તબ્ધ બનીને જોઈ રહ્યાં...

દૂર ક્યાંય કોઈ શાળાનાં માઈકમાં પ્રાર્થના વહી રહી હતી... હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે ....!

**– માધવી મેહુલ શાહ, ભૂજ–કચ્છ**

## શ્યામ દીવાની



દર્શન કી મેરી અખિયન પ્યાસી
મૈં હૂં બાવરી શ્યામ દીવાની
શ્યામ શ્યામ કરુ ઢુઢતી ફીરતી,
કુંજ ગલીન મેં ધૂમતી ફીરતી
કહા છૂપે હો અંતર્યામી....
હે નટવર તું હૈ ગીરીધારી....
પ્રીત પીયા તોરી.... ઐસી લાગી,
મૈં તો દૌરી દૌરી આયી...
શધ્ધ બિસરી તોરે આઈ ચરન મેં....
અબ તો લેલો....
અબ તો લે લોં મોહી તોરે શરન મેં... તોરે શરન મેં...
દર્શન કી મેરી અખિયન પ્યાસી...
મૈં બાવરી શ્યામ દીવાની

**– પ્રવિણા દલાલ**

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

## વડોદરા નો વારસો – માનમનોરંજન



વડોદરામાં ગાયકવાડ રાજયકાલ માં સંગીતક્ષેત્રમાં અપ્રતિમ સંસ્કૃત છંદોબધ્ધ કાવ્ય ગ્રન્થ જે ઐતિહાસિક દ્દષ્ટિકોણથી પણ મૂલ્યવાન છે અને ૨૨૮ વર્ષ પૂર્વેની આ રચના છે તેનું નામ એટલે માનમનોરંજન.

માન શબ્દનો અર્થ માનાજીરાવ ગાયકવાડ રાજા છે અને મનોરંજન શબ્દનો અર્થ સંગીત છે. જેમાં લોક રંજન–આત્મરંજન–શરીરરંજન–હ્દયરંજન રસરંજન–રાગરંજન (રંજ્યતેતિ રાગ:) થાય છે. આ રીતે માનમનોરંજન શબ્દ બન્યો છે.

માનાજીરાવ રાજાનો રાજ્યકાલ ઈ.સ. ૧૭૭૯ થી ઈ.સ. ૧૭૯૪ છે. પરંતુ સાથે સાથે સયાજીરાવ પ્રથમ રાજયકાલ પણ ઈ.સ. ૧૭૭૯ થી ઈ.સ. ૧૭૯૩ છે. અર્થાત્ માનમનોરંજન ગ્રન્થની રચના સમયે એક સાથે બે ગાયકવાડ રાજાનો સમયાંતર રાજયકાલ હતો. જોકે વચમાં ફતેહસિંહરાવ અને રખેવાળ રાજા ભીમજીરાવ પણ થઈ ગયાં હતાં. વાસ્તવમાં ગોવિંદરાવ–ફતેસિંહરાવ–સયાજીરાવ–માનાજીરાવ તે સમયે ટૂકડે ટૂકડે બે બે વખત મુરારરાવ રાજા બની શકયા ન હતાં. આ રીતે માનમનોરંજન ગ્રન્થ રચના સમયે વડોદરામાં વિચિત્ર રીતે રાજાઓનો રાજ્યકાલ નો સમય બન્યો હતો. ટૂંકમાં માનાજીરાવે કુલ ૧૫ વર્ષ સુધી વડોદરામાં રાજકાલ કર્યો હતો.

માનમનોરંજન ગ્રન્થ પ્રાચીન ગ્રન્થ પરંપરા મુજબ રાગ–રાગિણી, પતિ–પત્નિ ની શૃંખલામાં જ લખાયેલો છે અને આ પધ્ધતિનો છેલ્લો ગ્રન્થ છે કારણકે ત્યારબાદ વર્ષો પછી થાટ–રાગ પધ્ધતિનો સિધ્ધાંત અમલમાં આવ્યો હતો. આ ઉપરાંત સંગીતગ્રન્થ રચનામાં રાજાના નામ સાથે રાગ–રાગિણીનો પરિચયાત્મકનો આ એક માત્ર ગ્રન્થ છે જેથી વડોદરા ના ઈતિહાસમાં સંગીતક્ષેત્રમાં તેનું એક આગવું અને સ્વતંત્ર નામ પ્રસ્થાપિત થાય છે. ટૂંકમાં વડોદરાના ગાયકવાડ રાજયકાલમાં પ્રત્યેક રાજાઓ સંગીત રસીક્તાનો વિશિષ્ટ ગુણ ધરાવતાં હતા તે બાબત સરળતાથી જાહેર થઈ જાય છે.

ગ્રન્થકર્તા કવિ માનાજીરાવ રાજાનાં આશ્રિત પંડિત હતા અને નુતન શ્રીગોડવિપ્ર શ્રી મયાશંકર પંડિત હતાં તેઓશ્રીએ માનમનોરંજન ગ્રન્થમાં પોતાનો પરિચય જાહેર કર્યો નથી પરંતુ રચનાકાલ શાકે ૧૭૧૩ ચૈત્ર સુદી ચતુર્થી ગુરૂવાર નો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. (સંવત – ૧૮૪૮ / ઈ.સ. ૧૭૯૧)

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

માનમનોરંજન ગ્રન્થ પોથી પધ્ધતિથી લખાયેલ છે. કુલ પત્ર સંખ્યા ૧૩ છે અને પ્રત્યેક પત્રમાં ૧૦ પંક્તિ છે અને પ્રત્યેક પંક્તિમાં ૩૨ અક્ષર છે. પત્રનું માપ ૮.૫" X ૭" છે. તથા કુલ શ્લોક ૧૨૧ છે. સંસ્કૃત ભાષામાં છે. આ ગ્રન્થની પ્રતિલિપિ તા. ૯–૯–૧૯૨૫ ના રોજ મૂલ ગ્રન્થની રચના પછી ૧૩૪ વર્ષ પછી ફરીથી લખાયેલ પણ છે.

આ ગ્રન્થમાં શ્લોક ૪ થી ૫૧ સુધી ગાયકવાડ રાજાની વંશાવલી લખાયેલ છે. જે આધારભૂત તરીકે માન્યતા પ્રાપ્ત છે અને કવિ માયાશંકર પંડિત લખે છે કે માનાજીરાવ રાજા સાહિત્ય – સંગીત અને કલા પ્રેમી હતા આથી ગુણીજનોને તેઓ પોતાની પાસેજ રાખતા હતા. ત્યારબાદ શ્લોક નંબર ૫૨ થી સંગીતવિષય પ્રારંભ થાય છે. પરંતુ તે અંતર્ગત રાગરાગિણીનો ભાગ શ્લોક નંબર ૧૧૦ સુધી આવે છે. જેમાં મુખ્ય છ રાગ અને તેની પ્રત્યેકની પાંચ પાંચ ભાર્યા દ્દ્લથી વર્ણન લખાયેલ છે. અર્થાત્ કુલ ૩૬ રાગની નોંધ છે. આ વર્ણનમાં પ્રત્યેક રાગમાં માન શબ્દનો પ્રયોગ કવિશ્રીએ વિશિષ્ટતાથી લખ્યો છે. જે ગ્રન્થકર્તાની કવિત્વશક્તિ દેખાઈ આવે છે અને રાજાના આશ્રિત છે તેમ પણ જણાઈ આવે છે.

મુખ્ય છ રાગમાં ભૈરવ–માલકોશ–હિંદોલ–દીપક–શ્રી–મઘ ની નોંધ છે. જેમાં રાગિણી – ઋતુ – સમય – મુર્છનાની નોંધ છે અને રસસ્વરૂપ વર્ણન રાગમાલા પધ્ધતિથી લખવામાં જ આવ્યો છે. અંતમાં શ્લોક નંબર ૧૧૩ થી ૧૧૮ સુધી સ્વર અને શ્રુતિઓનું વર્ણન મળે છે.

ખાસ અગત્યનું અને વિશિષ્ટતાસભર જોઈએ તે કવિશ્રીએ પ્રત્યેક રાગવર્ણનમાં 'માન' શબ્દ પ્રયોગ કર્યો છે. તેની જાણકારી વાંચતા સદ્યઃ દષ્ટિગોચર સ્વતઃ જ થઈ જાય છે. જેમકે શુભગે માનનૃપતેઃ વિગેરે શબ્દ પ્રયોગ છે.

માન શબ્દ સાથે દીપકરાગનું વર્ણન અંતર્ગત શ્લોકની રચના જોઈએ તો....

ગજસ્થો નાર્યક્તોરુણવસન સુદાડિમતનું.
ગૃલે મુક્તોહારો રવિ નયનેજો દીપકધર : ॥
વસંતાંતે પૂર્ણ સરિગમપધન્યા સુજયતિ
પ્રષડ્જોદ્વિર્યામે સદસિ સુખદો માનનૃપતે ॥

આ ઉપરાંત દીપકરાગની રાગિણીમાં દેશી – કામોદી – નટી – કેદારી – કાનડી રાગવર્ણનમાં પણ માન શબ્દપ્રયોગ વિશિષ્ટતાથી ઊભરી આવે છે ટૂંકમાં માનાજીરાવ

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

રાજાનું મહત્ત્વ સૌથી વધારે જ કેન્દ્રમાં રાખીને શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે.

અંતમાં શ્રીગૌડવિપ્ર મયાશંકર પંડિતજી લખે છે કે રાજેન્દ્ર માનમનોરંજન ગ્રન્થરત્નં વરિષ્ઠમ્ ॥ ઈતિશ્રી મયાશંકર વિરચિત માનમનોરંજન ગ્રન્થ સમાપ્ત : ॥ શ્રી રસ્તુ ॥

ટૂંકમાં ઐતિહાસિક દ્દષ્ટિકોણથી આ ગ્રન્થનું મહત્ત્વ છે. કારણકે પ્રત્યેક ગાયકવાડ રાજા સંગીત પ્રેમી હતાં. ગુણીજનો પ્રત્યે આદરભાવ રાખવાવાળા હતાં. રાજાની વંશાવલી બાબતે આધારભૂત માહીતીના શ્રોત્રયુક્ત આ ગ્રન્થ છે અને રાજાના નામનો ઉલ્લેખ સાથે પ્રત્યેક રાગ – રાગિણી નો પરિચય સ્વરૂપનો આ એક માત્ર ગ્રન્થ છે. તથા પતિ–પત્નિ ના દ્દષ્ટિકોણયુક્ત ગ્રન્થાવલીની રચનાનો આ અંતિમ ગ્રન્થ છે તેમ જણાઈ આવે છે. આવી સાહિત્ય – સંગીત – કલા ના ક્ષેત્રમાં વડોદરાના સમગ્ર ગાયકવાડ રાજાનો રાજ્યકાલ તેની એક વિશિષ્ટ છાપ મુકે છે તેમ જણાઈ આવે છે.

**– ડો. હેમંત વૈદ્ય, વડોદરા**



## "કવિતા"

"કવિતા" શબ્દોની મીઠાસ છે,
તારા અને મારા વચ્ચેની આશ છે,
"કવિતા" કાળા વાદળોમાંથી ઝરમરતો વરસાદ છે,
તારા અને મારા વચ્ચેની મીઠી તકરાર છે,
"કવિતા" કાળઝાળ ગરમીમાં વડની શીતળ છાય છે,
તારા અને મારા વિસામા ની માયા છે,
"કવિતા" ઠુંઠવાતી ઠંડીમાં તાપણાની ગરમ જાળ છે,
તારા અને મારા વચ્ચે હુંફની ગરમાહટ છે,
"કવિતા" એ એક સુંદર અહેસાસ છે,
તારા અને મારા વચ્ચેના પ્રેમની ભાગીદાર છે.

**– સી.એ. અર્ચના પરીખ, મુંબઈ**

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# માં



'ડાં. સાહિલ, પેલી પેશન્ટ દર્દ થી કણસે છે, એનું શું ?...'

'શું કરવાનું હોય વળી ? સો સિમ્પલ ગેટ લોસ્ટ કહી દેવાનું પહેલા પૈસા પછી જ બીજી વાત'

'અરે ! પૈસા વગર જ તો મેં મારી....'

ઠક....ઠક....ઠક....

'યસ કોણ ?'

'સલ, અંદલ આવું ?'

ડાં. સાહિલ અંદર આવનારને જોઈ રહ્યા આઠેક વર્ષની ઉંમરનો એક બાળક, લંઘર–વઘર વેષ, ચિંધરેહાલ દશા અને ભરાયેલી ભાવવાહી આંખો.

'શું કામ છે છોકરા?'

'સ...લ... આમાં જેતલા પૈછા છે એ બધા તમે લઈ લિયો પન મારી માં ને છાજી કલી દો ને.... એના છિવાય મારું કોઈ જ નથી.' પોતાની પીઠ પાછળ સંતાડેલી ગોલખને આગળ ધરતાં એ બાળક બોલ્યો.

આગળ ધરાયેલી ગોલખ ને જોતાં જ ડાં. સાહિલના આંતર મનમાં કશુંક સળવળ્યું તેમની તંગ મુખમુદ્રા સળગતી મીણબત્તીની જેમ પીગળવા લાગી. એમની દૃષ્ટિ સોનેરી ફ્રેમના ચશ્માની આડશ માં ધૂંધળી પડવા લાગી.

---

'આઈ... ઈ.. આજે પણ એજ સૂકી રોટલીને કાંદો... હં... ઉં... હું નહીં ખાઉં જા... મને આમટી તો જોશે જોશે ને જોશે જ તો જ હું જમીશ નહીં તો...'

'જો મારા શોના આજે આ ખાઈલે કાલે જરૂથી...'

'આઈ, તારી કાલ તો ઉગતી જ નથી, ખબર નહીં કેટલા મહીના થઈ ગયા. બાબાને તો મારી કાંઈ પડી નો તી એટલે એ મને મૂકીને ચાલ્યા ગયા એવી રીતે એક દિવસ હું પણ બાબા પાસે ચાલ્યો જાઈશ. તને એકલી મૂકીને...'

---

ધડામ્.... ડો. સાહિલના હાથમાં રમતુ કાચનું પેપર વેઈટ છટકી ગયું.

'ડાં.... ડાં.... સાહિલ વાગ્યું તો નથી ને તમને...?'

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

'હું.... અ.... ન...ના...'

'ક્યાં ખોવાઈ ગયા ? આ બાળકની માં નું શું કરવાનું છે ?' બાળક પર એમની નજર ફરી પાછી એક વખત સ્થિર થઈ એમને લાગ્યું કે એમના હૃદયના એક ખૂણાની ઊંડાણમાંથી અવાજ આવી રહ્યો છે એમનું ધ્યાન એ તરફ કેન્દ્રિત થયું.

---

'આ બાળકની મા નું શું કરવાનું છે ?'

'હવે થઈ પણ શું શકવાનું છે ?'

'સાહેબ મારી આઈ સાજી તો થઈ જાશેને ?'

'જો બેટા, મેં તારી આઈને કેટલી વખત સમજાવી હતી કે થોડાક પૈસા બચાવીને આ ટી.બી. નો ઈલાજ કરાવ. હવે તો સાવ સસ્તામાં થાય છે પણ કોણ જાણે કેમ... ?? ખેર, હવે તો...'

'સાહેબ, હું તમને મારી ગોલખના બધા પૈસા આપી દઈશ પણ મારી આઈને સાજી કરી ધો...'

'આઈ એમ સોરી બેટા, હવે કાંઈ થઈ શકે એમ નથી. એ મરી રહી છે જા જઈને છેલ્લી વખત એનું મોઢું જોઈ લે.'

આ...ઈ...ઈ...ઈ...

---

'ર્ડા સાહિલ શું થયું ? કેમ તમે ચીસ... એવરીથીંગ ઈસ ઓલરાઈટ ઓર ?'

'અરે ના... ના... કંઈ નહીં (મનમાં વિચારતા) આતો ફક્ત મારા જડ મગજને જિંદગીમાં ક્યારય ન ભૂલી શકાય એવું લાગેલું ઈંજેક્શન હતું.'

'સ... લ...મારી માં...'

'આવ અહીંયા કંઈ નહીં થાય તારી માંને પૈસાના અભાવે હવે કોઈ દીકરો પોતાની માં થી ક્યારેય અલગ નહીં થાય આ એક દીકરોનો તને વાયદો છે.'

ર્ડા. સાહિલે એ બાળકના માથે હાથ ફેરવીને બારીની બહાર દેખાતાં આકાશ સામે જોયું એમને લાગ્યું કે જાણે એમની આઈ એને આશીર્વાદ આપી રહી છે અને એમણે ઓપરેશન થિયેટર થી બહાર પગ માંડયા.

**–આશા એ. શાહ**

## APPLE - પર્સનલ Computer ક્રાંતિની બ્રાન્ડ



બ્રાન્ડથી સુપર બ્રાન્ડ સુધીની સફરમાં આજે આપણે એ કંપની વિશેની વાત કરશું જે દુનિયામાં Market Cap માં ટોપ નંબર ઉપર આવે છે, જેનું નામ છે “Apple Inc.” જે એક અમેરીકન મલ્ટીનેશનલ ટેકનોલોજી તરીકે પણ ઓળખાય છે.

1443 માં IBM ના ચેરમેન થોમસ વોટ્સને કહ્યું હતું કે કદાચ વિશ્વમાં 5 COMPUTER વેચાઈ શકે. તેમના કહેવાનો અર્થ એવો હતો કે COMPUTER સામાન્ય લોકો માટે કામનું નથી.

IBM અને Intel જેવી મોટી કંપનીઓ એવું માનતી હતી કે COMPUTER નું વેચાણ મોટા પાયા પર ન થઈ શકે. પરંતુ Steve Job (1955-2011)અને Stephen Wozniak (1950) નામના બે નવયુવાનોએ પર્સનલ COMPUTER બનાવીને અને વેચીને એ સાબિત કરી દીધું કે COMPUTER સામાન્ય લોકો માટે પણ કામમાં આવી શકે છે અને બજારમાં વેચી પણ શકાય છે. તેમણે જે નવાં પ્રકારની બ્રાન્ડ શરૂ કરી તેનું નામ APPLE રાખ્યું. ન્યુટને APPLE (સફરજન) ને પડતું જોઈને ગુરુત્વાકર્ષણના નિયમની શોધ કરી હતી કહેવાય છે કે એ જ કારણે કંપનીનું નામ પણ APPLE રાખવામાં આવ્યું.

APPLE ની શરૂઆત જોબ્સના ગેરેજમાં થઈ શરૂઆતમાં વોઝનિયાક અને જોબ્સની પાસે ફકત ક્રાંતિકારી વિચાર હતો. મૂડી ન હોતી. તેમણે પોતાની કાર વેચીને મૂડી મેળવી ત્યારબાદ તેઓ સેમ્પલ COMPUTER લઈને સ્ટોરના માલિકને રીઝાવવા લાગ્યા. છેવટે એક સ્ટોર તેમણે 50 COMPUTER નો ઓર્ડર આપી દીધો. બંને મિત્રોએ ૨૫૦૦૦ ડોલરનો સામાન ઉધાર ખરીધો અને ગેરેજમાં APPLE 1 COMPUTER એસેમ્બલ કરવા લાગ્યા પહેલે વર્ષે માત્ર 175 COMPUTER વેચી શકયાં.

વોઝનિયાક અને જોબ્સે પોતાની પ્રોડકટસમાં ઘણાં સુધારાવધારા કરીને ૧૯૭૭માં APPLE 2 ને બજારમાં મુકયું. નિષ્ણાંતો માટે APPLE 2 એક મહાન શોધ હતી. તેણે જ વિશ્વમાં પર્સનલ COMPUTER ક્રાંતિની શરૂઆત કરી. ૧ એપ્રિલ, ૧૯૭૬ના

રોજ કેલીફોર્નીયા કૂપર્ટીનોમાં APPLE COMPUTER INC. ની સ્થાપના થઈ. કોઈ શક્તિશાળી હરીફ ન હોવાને લીધે કંપની 150% ના વાર્ષિક દરે વિકાસ કરવા લાગી.

દુનિયાની કોઈ પણ COMPUTER કંપની પ્રયોગો કરવાની બાબતમાં APPLE સામે ટક્કર ન લેઈ શકે. એપલએ સૌથી પહેલા GRAPHICS અને MOUSE બજારમાં મૂકયા (જો કે માઉસની શોધ જેરોક્સ લેબે કરી હતી, પરંતુ તેણે તે બજારમાં ન હોતુ મુકયું). જેની મદદથી સામાન્ય માણસ પણ સહેલાઈથી COMPUTER ચલાવી શકે છે. ૨૦૦૧ માં તેણે IPOD નામના પોર્ટેબલ મીડીયા પ્લેયરની શોધ કરી અને અત્યાર સુધી માં અંદાજે 400 MILION IPOD વેચાઈ ચૂકયા છે. IPOD નો ઉપયોગ ફકત SONGS સાંભળવા માટે જ થાય છે. ત્યારબાદ Steve Job એ ૨૦૦૭ માં IPHONE LUNCH કર્યો. જેણે મોબાઈલ ક્ષેત્રે ક્રાંતિ સર્ઝી નાખી છે અને દરેક લોકોને એક વખત તે ખરીદવાની ઈચ્છા જાગે છે, તેનો લાભ APPLE COMPANYએ પૂરેપૂરો લીધો છે. દર ૧–૧.૫ વર્ષે APPLE COMPANY IPHONEની નવી SERIESબહાર પાડે છે જેમકે IPHONE 3G(2008), IPHONE 3GS (2009), IPHONE 4 (2010), IPHONE 5 (2012), IPHONE 6 (2014), IPHONE 7 (2016), IPHONE 8 (2017), IPHONE X (2017), IPHONE XR (2018), IPHONE XS (2018) ETC. અને તેને લીધે ગ્રાહકોને વધુ ને વધુ આકર્ષવાનો પ્રયત્ન કરે છે અને સાથે સાથે પોતાની બ્રાન્ડ વેલ્યુ તથા નફામાં પણ વધારો કરે APPLE COMPANY પાસે તેમનું પોતાનું OPERATING SYSTEM છે. જેનું નામ છે IOS.

APPLE એ એવો દાવો કર્યો છે કે કોઈ પણ HACKER APPLE ના PHONE/ LAPTOP/TABLE HACK ન કરી શકે એટલે કે તેમનું કહેવું છે કે તેમની પાસે એટલી SMART SECURITIES છે. તેમ છતાંય ઓસ્ટ્રેલિયામાં રહેતો ૧૩ વર્ષના બાળકે ૨૦૧૫માં APPLEની SECURE SECURITIES ને HACK કરી હતી અને તે જ બાળકે બીજીવાર ૨૦૧૭ માં APPLEની SYSTEMને HACK કરીને બતાવી, એ સાબિત કરાવી દીધું કે તેઓ ગમે એટલી સારી SECURE SYSTEMરાખે તેમ છતાં પણ તે HACKથઈ શકે છે.

APPLE COMPANY ની MARKET VALUE 2019મુજબ $895.18 BIL-LION DOLLARસાથે 2NDનંબર છે. જયારે ૨૦૧૮માં COMPANYની MARKET

VALUE ૧ નંબર ઉપર હતી, WORLDમાં પહેલી એવી કંપની બની જેની MARKET VALUE 2019મુજબ $1 TRILLION DOLLARકર્યું હોય. જયારે ૨૦૧૯ મુજબ કંપની નો નફો 59.531 BILLION DOLARસાથે WORLDમાં ૧ નંબર ઉપર છે, જયારે આવક 265.595 BILLON DOLLAR સાથે ૨ નંબર ઉપર છે. COMPANYમાં કુલ 1,32,000 EMPLOYEES કામ કરે છે. આજે COMPANYના SHAREની PRICE APPROXY $ 194.12 (USD) છે.

હાલ APPLE COMPANY ના CEO તરીકે TIMOTHY D. COOK કામ કરી રહ્યા છે અને આજે તેમનું વર્લ્ડ ના ટોપ સીઈઓમાં સામેલ છે.

બ્રાન્ડ મેનેજમેન્ટના પાઠ :

APPLE પર્સનલ COMPUTER નું નવું સેગમેન્ટ શરૂ કર્યું, તેને લીધે એ બ્રાન્ડ લીડર છે. પોતાનો કોમ્પ્યુટરને સતત વધારે સારુ બનાવવાનો પ્રયાસ કર્યો છે. અને એ જ કારણે ૨૦૦૮ માં ફોર્ચ્યુન સામયિકે APPLE ને સહુથી વખાણવા લાયક અમેરીકન કંપનીનો ખિતાબ આપ્યો

APPLE કંપની કોમ્પ્યુટરથી શરૂ થઈ હતી. પરંતુ IPOD LAUNCH કરીને. તેણે સંગીતના ક્ષેત્ર અને IPHONE LAUCH કરી મોબાઈલના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. ૨૦૦૭ની પહેલાં કંપની નામ APPLE COMPUTER INC. હતું. પરંતુ ૨૦૦૭માં તેણે પોતાના નામમાંથી કોમ્પ્યુટર શબ્દ દૂર કર્યો કારણ કે કંપની ઈલેકટ્રોનિકસ બજારમાં લાઈન એક્સટેશન કરી રહી હતી. APPLE એ ટીવીનું PRODUCTION પણ કર્યું પણ તે ખાસ સફળ ન રહ્યું APPLE એ કોમ્પ્યુટર ની બ્રાન્ડ છે. અને તેણે કોમ્પ્યુટર સુધી જ મર્યાદિત રહેવું જોઈએ.

રસપ્રદ તથ્ય :–

૧૯૭૬માં APPLE COMPUTER ના સંસ્થાપકોએ COMMODORE, ATARI અને H.P. જેવી દિગ્ગજ કંપનીઓને ભારપૂર્વક કહ્યું કે તેઓ ૧ લાખ ડોલરમાં APPLE કંપનીને ખરીદી લે. શરત માત્ર એટલી જ હતી કે નવી કંપની સંસ્થાપકોને તેમને $36,000/- પગાર ડોલર સાથે નોકરીમાં રાખવા ત્રણેય કંપનીઓએ તેમનાં પ્રસ્તાવ સ્વીકાર્યો નહીં... અને આજે તે જ કંપનીઓ પસ્તાઈ રહી હશે અને વિચારી રહી હશે કે તેમણે આવા સોનેરી પ્રસ્તાવનો અસ્વીકાર ન કર્યો હોત તો કેટલું સારું થાત !

– રોનક શાહ

## દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટની સમસ્ત જ્ઞાતિજનો માટે જાહેરાત

સ્વ. દેવીબેન પરીખ તથા સ્વ ગોકળદાસ કાંતિલાલ પરીખની પુણ્યસ્મૃતિમાં "દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ", અમદાવાદ, તરફથી જાહેર કરવામાં આવે છે કે, જ્ઞાતિના જરૂરિયાતમંદ વિદ્યાર્થી–વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ ઉચ્ચ શિક્ષણ (Higher Education) (ધોરણ ૧૦ પાસ પછીથી) માટે તેમજ જરૂરિયાતમંદ જ્ઞાતિજનને મેડિકલ સહાય મંજૂર કરવામાં આવશે. તે માટે તેઓ વર્ષ દરમિયાન ગમે ત્યારે એક વખત અરજી કરી શકશે. જેઓને આ સહાયની જરૂર જણાય ત્યારે તેઓ વિના સંકોચે અરજી કરી શકશે. ટ્રસ્ટ યોગ્યતાને આધારે અરજી મંજૂર કરશે. આ યોજના મુજબ કોઈપણ એક વ્યક્તિ / કુટુંબ (વિદ્યાર્થી અને મેડીકલ સહાય બંને)ને, આવેલ અરજીઓને વાંચીને, નિર્ણય કરીને યોગ્ય રકમ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિની બિમારી લાંબો સમય ચાલે તેવી હોય તો તેવી વ્યક્તિ ફરી આવી અરજી પછીના વર્ષે પણ કરી શકે છે. બીલ/રીસીપ્ટની ઝેરોક્ષ નકલ તા. ૧–૪–૨૦૧૯ થી ૩૧–૩–૨૦૨૦ સુધીની તા. ૧૦–૪–૨૦૨૦ સુધીમાં જ મોકલવાની રહેશે. અરજીની વિગતો તથા તે અંગેનો પત્ર–વ્યવહાર ગુપ્ત રાખવામાં આવશે. અરજદારે અરજીમાં જે તે ગામ/શહેરના જ્ઞાતિના પ્રતિષ્ઠિત વ્યક્તિની સહી તેમજ તેમનું સરનામું, ફોન નંબર જણાવીને અરજી મોકલવાની રહેશે. નોંધ : અરજદારે આપેલા ફોર્મેટ મુજબ અરજી કરવાની રહેશે.

અરજી મોકલવાનું સરનામું : ઉષાબેન સનતકુમાર પરીખ, C/o દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ, બી/૧, યોગેશ્વર એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯.

અરજીનો નમૂનો :

(૧) અરજદારનું પુરુ નામ – અટક સહિત (૨) અરજદારનું મૂળ વતન (૩) મેડિકલ સહાય/અભ્યાસ માટે (૪) હાલમાં અભ્યાસ કરતા હોય તેની માહિતી (૫) બીલ/રીસીપ્ટની વિગત કુલ રકમ સાથે (૬) અરજદારનો ઘરનો તથા મોબાઈલ નંબર (૭) સાક્ષીની સહી, નામ, પુરૂં સરનામું, ફોન નંબર સહિત (૮) તારીખ : (૯) અરજદારની સહી

## શ્રી સમીરી વણિક સમાજ – અમદાવાદ

છેલ્લા થોડા સમયથી સમાજના ઘણા સભ્યો દ્વારા અમદાવાદબહાર કોઈ જગ્યાએ પીકનીક લઈ જવા માટે ઈચ્છા વ્યકત કરવામાં આવતી હતી. સમાજના સભ્યોની ઈચ્છાને માન આપીને આ વર્ષે, એક પ્રયોગરૂપે, અમે અમદાવાદથી નજીક બોપલ પાસે આવેલ પ્લેઝર કલબમાં તા. ૪–૮–૧૯ને રવિવારના રોજ એક પીકનીક આયોજન કરેલું છે. સર્વ સભ્યમિત્રોને આ પીકનીકમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે. અમને આશા છે કે આપ સર્વે ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમ સફળ બનાવશો.

**પીકનીક નું સ્થળ : પ્લેઝર કલબ**
**બોપલ–ઘુમા રોડ, ઘુમા**
**સમય : સવારના ૯–૩૦ થી ૪–૩૦ સુધી**

સવારે ૯–૩૦ વાગ્યે સભ્યોનું સ્વાગત ચા–નાસ્તા થી કરવામાં આવશે ત્યારબાદ રમતગમત, બપોરે ૧ વાગે ભોજન, સાંજે ૪–૩૦ વાગે ચા લઈ વિદાય લઈશું. સવારે ૯–૩૦ થી ૧૦–૧૫ સુધી ચા–નાસ્તો આપવામાં આવશે. બરાબર ૧૦–૧૫ વાગે કાઉન્ટર બંધ થઈ જશે એની નોંધ લેશો.

સવારે ૧૦–૩૦ થી બપોરે ૧–૦૦ વાગ્યા સુધી વિવિધ રમતો રમાડવામાં આવશે. કલબમાં ક્રિકેટ, ટેબલ ટેનીસ, બેડમીન્ટન, કેરમ વગેરેની સગવડ છે, જેના માટે કોઈ પણ ચાર્જ નથી. સ્વીમીંગ પુલની પણ સગવડ છે. તે સુવિધાનો લાભ લેવા ઈચ્છતાં સભ્યો સવારે ૯–૩૦ થી બપોરે ૧–૦૦ વાગ્યા સુધી તેનો લાભ લઈ શકશે. સ્વીમીંગ પુલનો ઉપયોગ કરવા માટે કોઈ ચાર્જ નથી પરંતુ સીન્થેટીક કોચ્યુમ ફરજીયાત છે. જે સભ્યોને જરૂર હશે તે કલબ પાસેથી રૂા. ૫૦–૦૦ (જેન્ટસ માટે) અને રૂા. ૧૦૦ (લેડીઝ માટે) ભાડું ભરીને મેળવી શકશે. આ ઉપરાંત નાના ભુલકાઓ માટે કેટલીક ઈલેકટ્રીક રાઈડ્સ પણ છે, જેનો કલબના નિયમ પ્રમાણે પેમેન્ટ કરીને સભ્યોના બાળકો ઉપયોગ કરી શકશે. વળી કલબમાં હિંચકા લપસણી વગેરેની સગવડ છે જેનો વિના મુલ્યે ઉપયોગ થઈ શકશે. બપોરે ૧–૦૦ વાગે ભોજનનો આસ્વાદ માણી આપણે હાઉસી તથા શકય હશે તો બીજી રમતોનો આનંદ ઉઠાવીશું. સાંજે ૪–૩૦ વાગે ચા પીધા પછી આપણે વિદાય લઈશું. પ્લેઝર કલબ અમદાવાદ – ઈસ્કોન મંદીરથી બોપલ – ઘુમા રોડ પર આશરે ૮ કી.મી. દૂર છે તથા જવા માટે પણ સુંદર રસ્તાની સગવડ છે. ગાડીને ઈસ્કોન મંદીરથી પ્લેઝર કલબ પહોંચતા લગભગ ૨૦ મીનીટ થાય છે. વળી ત્યાં જવા માટે બી.આર.ટી.એસ. બસ અને

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

એમ.ટી.એસ. બસ નં. ૪૯, ૪૯/૧, અને ૧૫૧/૩ ની સગવડ છે. બીઆટીએસ નું બસ સ્ટેન્ડ કલબથી લગભગ ૧/૨ કી.મી.ના અંતરે છે. જયારે એમ.ટી.એસ.નું બસ સ્ટેન્ડ કલબની નજીકમાં જ છે. પોતાના વ્હીકલમાં આવતા સભ્યમિત્રોને પણ ખાસ વિનંતી છે કે જો પોતાની કારમાં જગ્યા હોય તો આજુબાજુના જરૂરીયાતવાળા સભ્યોને પોતાની કારમાં લઈ આવે અથવા તો શ્રી શરદભાઈ જે. પરીખને જણાવે તો તેઓ જરૂરીયાતવાળા સભ્યોને જણાવશે.

આ પીકનીકમાં ભાગ લેવા માટે વ્યક્તિદીઠ રૂા. ૨૫૦ નો ચાર્જ રાખવામાં આવ્યો છે. પાંચ વર્ષથી નાના બાળકનો કોઈ ચાર્જ નથી. ગેસ્ટ ચાર્જ રૂા. ૪૫૦ રાખવામાં આવ્યો છે. ગેસ્ટને સેક્રેટરીની પૂર્વ મંજુરી લઈ લાવી શકાશે. જે સભ્યો પીકનીકમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલ કોઈ એક સભ્યને તથા રૂા. ૨૫૦ પ્રતિવ્યક્તિ ભરી, તા. ૨૦ જુલાઈ થી તા. ૨૨ જુલાઈ સુધીમાં સાંજે ૬ થી ૯ દરમ્યાન નામ નોંધાવવાના રહેશે. એક વાર નામ નોંધાવ્યા પછી કોઈ પણ સંજોગોમાં નામ રદ કરી શકાશે નહી. આ પીકનીકમાં સવારે ૯–૪૫ સુધીમાં પ્રવેશ મેળવી લેનાર સભ્યો માટે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯–૪૫ સુધીમાં પ્રવેશ મેળવી લેનાર સભ્યોને વિનંતી કે કાઉન્ટર પર તેમનું નામ નોંધાવી નંબર મેળવી લે. આ પીકનીકમાં જે કોઈ ભાઈ–બહેન આર્થિક સહયોગ આપવા ઈચ્છતા હોય, તેઓને શ્રી શૈલેષભાઈ પી. શાહ ફોન : ૯૮૨૫૦ ૮૬૮૫૬ અથવા શ્રી શરદભાઈ જે. પરીખ ફોન : ૮૦૦૦૧ ૧૭૯૨૮ નો સંપર્ક કરવા વિનંતી છે. જે કોઈ સભ્ય હાઉસીના ઈનામો (રોકડ) સ્પોન્સર કરવા માંગતા હોય તેઓને પણ સંપર્ક કરવા વિનંતી છે. અમને આશા છે કે આપ સર્વેના સહકારથી આપણો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડશે.

નામ નોંધવવા માટે :

(૧) શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહ, ૧૩૮, સર્વોદયનગર વિભાગ–૩, કે. કે. નગરની પાસે ઘાટલોડીયા, અમદાવાદ મો. : ૯૮૯૮૮૨૭૩૯૮

(૨) શ્રી પરીમલ એમ. પરીખ, એ–૫, કૃતિકા એપાર્ટમેન્ટ, સી.એન. વિદ્યાલયની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ મો.: ૯૪૨૬૫૧૭૬૭૧

(૩) શ્રી કંદર્પભાઈ વી. પરીખ, ઈલેકટ્રોવીઝન, ૨, નીલમ કોમ્પલેક્ષ, ફતેહનગર પોલીસ ચોકીની ગલીમાં, પાલડી, અમદાવાદ. મો.: ૯૪૨૮૪૧૩૦૬૫

**શરદ જે. પરીખ, સેક્રેટરી** **શૈલેષ પી. શાહ, પ્રમુખ**

## શ્રીજી મહિલા મંડળ, ભુજ
## પ્રવાસ અંગેનો અહેવાલ

ગત મહિનાની ૮ તારીખના રોજ શ્રીજી મહિલા મંડળ, ભુજના સભ્ય બહેનોનો પ્રવાસ નીલકંઠ ફાર્મ, ભારાપર (તા.ભુજ) ખાતે ખૂબ હોંશભેર યોજાઈ ગયો.

જ્ઞાતિના શ્રી શિરીષભાઈ ગોપાલદાસના પ્રયત્નોને કારણે ચોતરફ વનરાજીથી ઘેરાયેલા નીલકંઠ ફાર્મ ખાતે આખા દિવસના પ્રવાસની મંજૂરી મળી ગઈ. સવારના ૯-૩૦ ના ટકોરે વૃંદાવનનગરથી છકડો રીક્ષામાં બેસીને નાના-મોટા, બહેનો-બાળકો મળીને કુલ પચાસેક જણાંએ વાયડમાત કી જય સાથે પ્રવાસનો આરંભ કર્યો. અંદાજે અડધા કલાક બાદ ધૂન, કીર્તન અને ગીતોની લ્હાણી કરતાં કરતાં સૌ કોઈ સ્થળ ઉપર પહોંચ્યા.

સ્થળ એટલુ રળિયામણું હતું અને ઉપરથી ચારે તરફ ફેલાયેલી હરિયાળીએ જેઠ મહિનાના ધોમ ધખતા તાપને પણ મ્હાત આપી દીધી. કુદરતી સાનિધ્ય અને ઠંડા પર્યાવરણ વચ્ચે બધાએ સવારનો હળવો નાસ્તો કરીને સેલ્ફી અને ફોટોગ્રાફની મજા માણી. ત્યારબાદ નાના-મોટા સૌ કોઈએ અવનવી રમતો અને અંતાક્ષરીની મહેફીલ માણતાં માણતાં ક્યારે બપોર પડી ગઈ એનો પણ ખ્યાલ ન આવ્યો.

બપોરે ભોજનનો આસ્વાદ માણ્યા બાદ અમૂક ઉંમરલાયક વડીલ બહેનોને બાદ કરતાં સૌ કોઈ ફાર્મના મુખ્ય આર્કષણરૂપી સ્વીમીંગપુલનો આનંદ માણવા આતુર બની ગયા. લગભગ ત્રણેક કલાક જેટલા સમય સુધી પુલના પાણીમાં તરતા, ગીતો ગાતાં, ફોટા પડાવતા એવા સ્વીમીંગના જાણકાર કે અજાણ સૌ કોઈએ લખલૂંટ આનંદ માણ્યો.

નીલકંઠ ફાર્મ ખાતે તમામ પ્રકારની સુવિધાઓ પણ ઉપલબ્ધ હતી. જેમાં જીમનો પણ સમાવેશ થતો હતો. જીમના શોખીનોએ કસરતના સાધનો પર પોતાનો હાથ અજમાવીને ખુશી મેળવી હતી. અંદાજે ૬-૩૦ વાગે સાંજના નાસ્તાને ન્યાય આપીને સૌ કોઈ ફરી પાછા છકડો રિક્ષામાં ગોઠવાઈ ગયા. ત્યારે પ્રવાસમાં સામેલ ૭ મહિનાના બાળકની લઈને ૭૦ વર્ષના વૃધ્ધા સુધી સૌ કોઈના મુખ પર અપાર આનંદ, ખુશી અને ઉત્સાહ છલકાઈ રહ્યા હતા.

સવારના નાસ્તાની વ્યવસ્થા સાકરચંદભાઈ તથા મીના જયંતભાઈએ સંભાળી હતી. પ્રવાસ દરમ્યાન પીવાના પાણીની અને છકડો રીક્ષાના આયોજનની જવાબદારી રાજીવભાઈ

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

ચંદુલાલે સહર્ષ સ્વીકારી હતી. જયારે સાંજનો નાસ્તો રસીકલાલ લક્ષ્મીદાસ પરીવાર તરફથી જાહેર કરવામાં આવ્યો હતો. આખા પ્રવાસના કાર્યક્રમમાં મંડળની સક્રિય કારોબારી ટીમે ખૂબ જ ઉમંગભેર સાથ-સહકાર આપ્યો હતો. પ્રવાસના આયોજનને આખરી ઓપ આપવા માટે દીપાલીબેન, ફાલ્ગુનભાઈએ પ્રવાસ દરમ્યાન બપોરના ભોજનની વ્યવસ્થાનું આયોજન આશા આશિષે, અવનવી ગેમ્સ માટે નીશાબેન વિરલભાઈ અને હિરલબેન નીતિશભાઈએ, ઈનામ લેવાની જવાબદારી પૂનમબેન અતુલભાઈ અને પ્રીતિબહેન પ્રફુલ્લભાઈએ તથા સમગ્ર પ્રવાસને સફળ બનાવવા માટે માલતીબેન રમેશભાઈ અને ખેવનાબેન દિપેનભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

**- આશા આશિષ શાહ**

**પ્રમુખ, શ્રીજી મહિલા મંડળ, ભુજ**

**નોંધ**

નીચે જણાવેલ કુટુંબના પરિવારજનોએ વ્યવસ્થાપકશ્રી નિશીથભાઈ એ. પરીખનો મોબાઈલ નં. ૯૪૨૮૪૬૧૮૨૨ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

(૧) સ્વ. વિનોદચંદ્ર ચંદુલાલ શાહ પરિવાર - અમદાવાદ

(૨) સ્વ. સુશીલાબેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ

(૩) નીલાબેન હરીશભાઈ પરીખ, થાણે

----

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં. ૩૧૭૨૫૩૯૧૯૨માં નીચેની વિગતે રકમ જમા થયેલ છે. જેની વિગતવાર જાણકારી અમને આપેલ ન હોઈ વાર્ષિક હિસાબોના મેળવણીના કામમાં તકલીફ પડી રહી છે. તો લાગતા વળગતા સભ્યોને વિનંતી કે વિગતવાર જાણકારી આપે અન્યથા જમા થયેલ રકમ ભેટ તરીકે જમા લઈ હિસાબોનું મેળવણું કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૨૨-૧-૨૦૧૯, રૂા. ૨૦૦/- રોકડા જમા, મીઠાખળી શાખામાં જમા.

**- વ્યવસ્થાપક**

**નિશીષ એ. પરીખ**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સામાજિક સેવાનું ઉમદા ઉદાહરણ – શ્રી સુહાસ હરેન્દ્રભાઈ શાહ



આપણી જ્ઞાતિના શ્રી સુહાસ હરેન્દ્રભાઈ શાહનો મુખ્ય વ્યવસાય કલર તેમજ વોટર પ્રુફીંગ કેમીલ્સના ડીસ્ટ્રીબ્યુટર્સનો છે. તેઓ વર્ષોથી નીચે પ્રમાણેની સામાજિક સેવા આપે છે.

૧. તેઓ Suhani Foundation દ્વારા ૨૦૧૨થી અમદાવાદમાં નિઃશુલ્ક એક્યુપ્રેશર સારવારનાં ૮ સેન્ટરો (હજુ વધુ ખૂલવાની તૈયારીમાં)માં દર વર્ષ આશરે ૨૦૦ જેટલા લોકોને નિઃશુલ્ક એક્યુપ્રેશર શીખવાડી સેવા/રોજગારી તક પુરી પાડે છે. દર વર્ષે ૨ જય ભગવાન એક્યુપ્રેશર કેમ્પ યોજી હજારો લોકોને નિઃશુલ્ક એક્યુપ્રેશર સારવારનો લાભ આપે છે.

૨. તેઓ આરોગ્યને લગતી પુસ્તિકાનું નિઃશુલ્ક વિતરણ કરે છે.

૩. ઉનાળામાં પક્ષીઓનાં કુંડાનું વિતરણ તથા જાહેર જનતા માટે પાણીની પરબો બનાવડાવે છે.

૪. શિયાળામાં ધાબળા વિતરણ, બ્લડ ડોનેશન કેમ્પ વિગેરે કાર્યો કરે છે.

૫. તેઓ ૧૩ વર્ષથી લોકોને પોલીસ અંગેના કામમાં મદદ તેમ જ પોલીસ ડીપાર્ટમેન્ટને શાંતીનાં કામમાં મદદ તથા સલાહ સુચન કરે છે અને તેઓ શાંતિ સમીતી, સેટેલાઈટ પોલીસ સ્ટેશનના સભ્ય છે.

૬. ટોકરશાની પોળમાં આવેલા ઠેસીયા હનુમાન ચેરીટેબલ ટ્રસ્ટમાં છેલ્લા ૨૦ વર્ષથી મુખ્ય ટ્રસ્ટી તરીકે અને મંદીરને લગતી સેવાઓ આપે છે.

– તંત્રી

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટ ઈનામોની યાદી

૧.(A) **શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ તરફથી સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે મળેલા રૂા. ૧ લાખના ફંડના વ્યાજમાંથી ધો. ૮ થી ૧૨ તથા કૉલેજના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે.**

(B) **બહેન પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખના સ્મરણાર્થે મળેલ રૂા. ૫૦,૦૦૧ ના ફંડના વ્યાજમાંથી ધો. ૧૦, ધો. ૧૨માં પ્રથમ આવનાર તથા** M.B.A., M.C.A., L.L.B., M.B.B.S., Architect, **એન્જિનિયરીંગમાં ડિગ્રી / ડિપ્લોમા કોર્સ તથા એન્જિનિયરીંગ, મેડિકલ ક્ષેત્રે માસ્ટર ડિગ્રી તથા** C.A., C.S., L.L.M. **જેવા કોર્સમાં ઉત્તીર્ણ થનારને ખાસ ઈનામો આપવામાં આવશે.**

(C) **શ્રી અમરતલાલ રણછોડદાસ શાહના સ્મરણાર્થે મળેલ રૂા. ૨૫,૧૦૧ના ફંડના વ્યાજમાંથી ઈતર પ્રવૃત્તિમાં જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીને ઈનામો આપવામાં આવશે.**

(D) **સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ તથા સ્વ. ચંપાબહેન મધુકરભાઈ શાહના સ્મરણાર્થે મળેલ રૂા. ૩૧૦૦૧ના ફંડના વ્યાજમાંથી ધો. ૧ થી ૯ માં પ્રથમ અને દ્વિતીય આવનારને ઈનામો આપવામાં આવશે.**

(E) **શ્રી વિજેશભાઈ નગીનદાસ શાહ અને હેમલ વી. શાહ તરફથી સ્વ. નગીનદાસ ચીમનલાલ શાહ તથા સ્વ. સરોજબહેન નગીનદાસ શાહના સ્મરણાર્થે મળેલ રૂપીયા ૨,૦૧,૧૧૧/- ના ફંડના વ્યાજમાંથી ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો માટે અને શ્રેણી ૮ અને ૯માં અંગ્રેજી વિષયમાં ૬૦% થી વધુ માર્ક લાવનારને પ્રથમ અને દ્વિતીય ઇનામ આપવામાં આવશે. તેમજ ધો.૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે.**

(F) **શ્રી રશ્મિકાંતભાઈ, સ્વ. દિલીપભાઈ, શ્રી અવનિશભાઈ અને શ્રીમતી જયશ્રીબહેન તરફથી સ્વ. પુષ્પાવતી એસ. પરીખ અને સ્વ. શાંતિલાલ ચીમનલાલ પરીખના સ્મરણાર્થે મળેલ રૂપીયા ૧,૫૧,૦૦૦/-ના ફંડના વ્યાજમાંથી** M.A. M.Sc., M.Com, M.B.A., M.S.W., M.B.B.S., M.D.H., M.E., C.A., C.S., I.C.W.A., M.Phil, Ph.D., M.S. & M.D. **જેવા કોર્ષમાં ઉત્તીર્ણ થનારને ઈનામ આપવામાં આવશે.**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

(G) શ્રી પિયુષભાઈ મધુકરભાઈ શાહ તરફથી મળેલા રૂપિયા ૫૧,૦૦૦ના ફંડના વ્યાજમાંથી સ્વ. પૂનમભાઈ મધુકરભાઈ શાહ તેમજ સ્વ. ગીરાબહેન મધુકરભાઈ શાહના સ્મરણાર્થે અનુક્રમે ધો.૯ અને ધો.૧૦માં પ્રથમ અને દ્વિતીય આવનારને વસ્તુ સ્વરૂપે ઈનામ આપવામાં આવશે.

(H) શ્રી ઉમાકાંતભાઈ જેઠાલાલ પરીખ તરફથી સ્વ. અરૂણભાઈ જેઠાલાલ પરીખ અને સ્વ. વનમાળાબહેન અરૂણભાઈ પરીખના સ્મરણાર્થે રૂા. ૨૫૦૦૦ના ફંડનું વ્યાજ કેળવણીના કોઈપણ હેતુ માટે ટ્રસ્ટ નક્કી કરે તે પ્રમાણે ઉપયોગમાં લેવામાં આવશે.

(I) સ્વ. લલિતાબહેન મોહનલાલ પરીખ, સ્વ. મંગુબહેન પ્રાણલાલ પરીખ, સ્વ. ગોમતીબહેન (અમરતલાલ રણછોડદાસ દાસના દીકરી) અને સ્વ. શોભનાબહેન જીતેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે રૂ.૧,૦૦,૦૦૦/-(દરેકના રૂ. ૨૫,૦૦૦/-)ના કન્યા કેળવણી ફંડના વ્યાજમાંથી ધો ૧૨ પાસ કરી કોલેજમાં અભ્યાસ કરતી કન્યાને વિશિષ્ટ સિધ્ધિ માટે ઈનામ આપવામાં આવશે.

(J) સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ તથા સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે શ્રી વીપુલભાઈ જયંતીભાઈ પરીખ તથા શ્રીમતી માધવીબહેન વી. પરીખ તરફથી રૂ. ૨,૫૧,૦૦૦/-ના ફંડના વ્યાજમાંથી દરેક વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો માટે રૂ. ૨૫૦/- તથા રૂ. ૩૦૦/- આપવામાં આવશે

(K) સ્વ. રસિકભાઈ ચીમનલાલ શાહના સ્મરણાર્થે શ્રીમતી રેણુકાબહેન રસિકભાઈ શાહ તરફથી મળેલા રૂ. ૧,૦૦,૦૦૦/- ના ફંડના વ્યાજમાંથી ધો. ૮ અને ધો. ૮ ઉપરના તમામ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સરખાભાગે રોકડમાં ઈનામ આપવામાં આવશે.

(L) મેહુલભાઈ યશવંતભાઈ શાહ તરફથી રૂ. ૨૫,૦૦૦/- મળેલ છે.

(M) કુમુદબહેન આર. મશરૂવાલા તરફથી રૂ. ૨૫,૦૦૦/- મળેલ છે.

**- શ્રી ઉમાકાંતભાઈ જે. પરીખ, ઉપ-પ્રમુખ**
**શ્રી હેમલભાઈ વી. શાહ, મંત્રી**

**સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ**

## તા. ૧-૬-૨૦૧૯ થી તા. ૩૦-૬-૨૦૧૯ સુધી મળેલ રકમની યાદી

| પહોંચ | રકમ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૦૩૧ | ૬૦૦ | શ્રી મધુસુદનભાઈ શાહ | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૩૨ | ૬૦૦ | શ્રી મધુસુદનભાઈ શાહ | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૩૩ | ૬૦૦ | નિરંજનાબેન ઉદેશચંદ્ર | અમદાવાદ | પેનલ જા X ખ |
| | | શાહ પરિવાર | | |
| ૧૦૩૪ | ૬૦૦ | સ્વ. હેમંતભાઈ કાશીપારેખ પરિવાર | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૩૫ | ૬૦૦ | આર. વી. જ્વેલર્સ | ભરૂચ | પેનલ જા X ખ |
| ૧૦૩૬ | ૬૦૦ | ગોકુલ મેટલાઈઝર | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૩૭ | ૬૦૦ | રીલીફ સીનેમા | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૩૮ | ૬૦૦ | સ્વ. ચીનુભાઈ શાહ પરિવાર | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૩૯ | ૧૦૦૦ | શ્રી પંકજભાઈ નવનીતલાલ પરીખ | વલસાડ | ભેટ |
| ૧૦૪૦ | ૧૨૦૦ | સ્વ. ઝવેરીલાલ વિરજી પરિવાર | અમદાવાદ | પેનલ જા X ખ |
| ૧૦૪૧ | ૧૦૦૦ | લત્તાબેન નૈમિષકુમાર પરીખ પરિવાર | અમદાવાદ | દિ. જા X ખ |

**– વ્યવસ્થાપક**

### એસ. જે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

આ ટ્રસ્ટ જાહેર હિતના કામો માટે પોતાની આવકની મર્યાદામાં રહીને નાણાંકીય સહાય કરે છે. તેના એક ભાગરૂપે ઓછી આવક ધરાવતાં કુટુંબોને તેમનાં સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે તથા કુટુંબના સભ્યની ખર્ચાળ તબીબી સારવાર માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. આવકના કશાય સાધન વિના એકાકી જીવન ગુજારતા વૃદ્ધોને પણ સહાય આપવામાં આવે છે. આ હેતુઓ માટે જેમને સહાયની જરૂર હોય તેમણે જરૂરી વિગતો અને પ્રમાણોની ફોટો કોપી તા. ૩૦-૯-૨૦૧૯ સુધીમાં એસ. જે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, ગૌરાંગ રમેશભાઈ શાહ, ૨૦૨ – ઘનશ્યામ એવન્યુ, નવા શારદામંદિર સ્કુલ સામે, પાલડી, અમદાવાદ સરનામે મોકલવી. સહાય આપવી કે કેમ અને કેટલી જ આપવી તે અંગેનો ટ્રસ્ટીઓનો નિર્ણય આખરી ગણાશે.

**– ગૌરાંગ શાહ**

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક :** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૭, અશ્વમેઘ સોસાયટી, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળની લાઈન, દીરજ સન્સની સામે, કસક સર્કલ પાસે, ભરૂચ–૩૯૨૦૦૧.

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

### જન્મ

વલસાડ : શ્રીમતી નીતાબેન અને પંકજભાઈ નવનીતલાલ પરીખના પુત્ર ચિ. કુશલના ત્યાં પુત્ર રત્નનો જન્મ તા. ૬–૪–૧૯ના રોજ આ શુભ પ્રસંગે વા. મિ. ને રૂા. ૧૦૦૦/–ની ભેટ મળેલ છે.

### પરીક્ષા પાસ

અમદાવાદ: રચિત રોનકભાઈ શાહ, ધો. ૧૦, ૮૨.૫૦%, પર્સેન્ટાઈલ– ૯૬.૭૨

વડોદરા : ઉત્સવી ચેતનકુમાર શાહ, ધો. ૧૦, ૮૨%, પર્સેન્ટાઈલ– ૯૬.૪૭,એ–૨ ગ્રેડ

### અવસાન

વડોદરા : વિજયાલક્ષ્મીબહેન લક્ષ્મીદાસ શાહ, ઉં.વ. ૮૭, તા. ૪–૪–૨૦૧૯ના રોજ.

અમદાવાદ: નિરંજનાબહેન રજનીકાંત શેઠ, ઉં.વ.૮૦, તા. ૧૭–૬–૧૯ના રોજ. (હાલ યુ.એસ.એ)

### લગ્ન વિષયક

અમદાવાદ સ્થિત યુવક જન્મ તા. ૨૬–૩–૯૫ અભ્યાસ બી.ઈ. (મીકેનીક) એમ.બી.એ (માર્કેટીંગ), ઉંચાઈ ૫'–૧૧", વજન ૬૧ કિલો, એડવર્ટાઈઝીંગ કંપનીમાં જોબ ધરાવતા યુવક માટે યોગ્ય યુવતીનાં વાલી તરફથી બાયોડેટા આવકાર્ય છે.

સંપર્ક : રાજેન્દ્રભાઈ કે. શાહ : ૯૮૯૮૮૨૭૩૯૮

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

★★★ **સાતમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**સ્વ. શ્રી કિરીટકુમાર કનૈયાલાલ ચીમનલાલ પરીખ**

**જન્મ તા. : ૨૦-૩-૧૯૪૮**

**શ્રીજીચરણ તા.: ૧૭-૭-૨૦૧૨**

હતાશામાં આશ્વાસનરૂપ હતા તમે,
થાકમાં વિસામો હતા તમે,
દુ:ખમાં દિલાસો હતા તમે,
અમારા પ્રશ્નોનું નિરાકરણ હતા તમે,
જીવ્યા જિંદાદીલીથી સદાય તમે.

આપનું સાદગીભર્યું જીવન, માયાળુ, લાગણીશીલ તથા પ્રેમાળ સ્વભાવ, નિ:સ્વાર્થ અને નિખલસ વ્યક્તિત્વને ક્યારેય ભૂલાશે નહી. સત્કાર્ય આપની શોભા હતી, સર્જનતા આપની સુવાસ હતી, પરોપકાર આપનો જીવનમંત્ર હતો.

આજે આપની સાતમી પુણ્યતિથીએ પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**પ્રેરણાબેન કિરીટકુમાર પરીખ તથા પરિવાર**

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

★★★

## શ્રધ્ધાાંજલિ



**સ્વ.ગં.સ્વ. રાજુબેન(વીણાબેન) ઈન્દ્રવદન કિનખાબવાલા**

**જન્મ તા. : ૨–૫–૧૯૩૧**

**સ્વર્ગવાસ તા.: ૮–૬–૨૦૧૯**

જીવન સદા એવુ જીવી ગયા કે જોનારા જોયા કરે. કર્મ સદા એવા કર્યા કે સૌના રહદયમાં ગુંજતા રહે. દુ:ખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી. આપ આપના સરળ જીવન, ઉચ્ચ વિચાર દ્વારા સૌના રહદયમાં વસતા રહયા.

સમયને કોઈ રોકી શક્તુ નથી. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના

**લિ.**

**જગદીપ ઈન્દ્રવદન કિનખાબવાલા** **જ્યોતિ જગદીપ કિનખાબવાલા**

**કૃણાલ જગદીપ કિનખાબવાલા** **કવિતા કૃણાલ કિનખાબવાલા**

**મિલિન જગદીપ કિનખાબવાલા** **સુમન મિલિન કિનખાબવાલા**

## શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. ભગવતભાઈ ગીરધરલાલ ગાંધી**
શ્રીજી ચરણ: ૧૦/૭/૨૦૧૬



**સ્વ. સોનલબહેન વિરેન્દ્રભાઈ પરીખ**
જન્મ તારીખ : ૧૦/૭/૧૯૫૫
શ્રીજી ચરણ: ૨૯/૧૦/૨૦૧૫



**સ્વ. દિવ્યબાળાબહેન ભગવતભાઈ ગાંધી**
શ્રીજી ચરણ: ૮/૭/૨૦૧૭

સૌજન્ય

વિરેન્દ્રકુમાર રતીશચંદ્ર પરીખ

ઊર્વિશ વિરેન્દ્રકુમાર પરીખ　　　ભાવીની ઊર્વિશ પરીખ

તથા સમસ્ત ગાંધી પરિવારનાં જય શ્રી કૃષ્ણ

સરનામુ

બી–૨૦૧, દિવ્ય વિનાયક, શ્રી સિધ્ધી વિનાયક કો.હા.સો,

ગણેશ ચોક, ચાર કોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૭

ફોન નં.: ૯૮૨૦૮ ૮૬૯૭૭, ૯૮૨૦૬ ૮૧૭૬૧

★

શ્રી શશાંકભાઈ ગાંધી તથા સંજયભાઈ ગાંધી (સંખેડાવાળા)

૫, સુધન, લક્ષ્મી સોસાયટી, વિભાગ નં–૩, સુભાનપુરા, અલકાપુરી,

વડોદરા – ૩૯૦૦૦૫.

ફોન નં.: ૦૨૬૫ – ૨૩૯૬૫૨૩



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No.6316/57. Permitted to post at Ahmedabad PSO on 10th of every month under postal regd. No. MEH Dn.-296 issued by SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૭/૨૦૧૯



ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર
તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ
મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

**PRINTED BOOK**

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH